

ફ્રાન્સ અને જર્મની

વચેની

લડાઈની તવારીખ

ચિત્રો સાથે.

ભાગ ૫ મો. કીમત રૂ૧)

લખનાર,

એદલજી જમશેદજી ખોરી

મુંબઈ દફતર આશકારા છાપખાનામધે
મેહરવાનજી ફરદુનજીની કંપનીએ છાપી પરગટ કીધી.
કોટ બેહરામજી હોરમસજી સ્ટ્રીટ નંબર ૬ તથા ૧૧

સને ૧૮૭૦.

આ પુસ્તક નીચલાં ઠેકાણાંઓથી મળશે. મુંબઈ— કોટમાં દફતર આશકારા તથા ખાહેરકોટ યુનીયન પ્રેસોમાંથી. પુણા —મી૰ નવરોજી ફરદુનજીને તાંહાથી. સુરત — મી૰ જમશેદજી મેહેરવાનજી પાસટવાલાની દુકાને. અમદાવાદ— શા૰ લલુભાઈ સુરચંદને તાંહાથી. ભાવનગર— ડાકટર બરજોરજી મેહેરવાનજી પાસેથી અને કરાંચીની કાંપમાં— મી૰ ફરામજી પેસતનજી લોહાવાલા પાસેથી

પ્રકરણ ૧૫ મું.

ફ્રેન્ચોનાં મનની ખુમાર હજી ઉતરી નહી—દુનિયા સાથ પેરિસનો સંબંધ ભાગો—પેરિસનો કોટ અને તેની આસપાસ પડેલું મુશ્કિલ લશ્કર—બહાદુર જર્મન શિપાઈઓને રાજા તરફથી માન—ફ્રેન્ચ ખેડુતોની જર્મનો સાથ લડવાની રીત—પેરિસ તરફ જતાં જર્મનોને મળેલી અડચણ—લોરેંનું બહોળું પરગણું—બંન્ને બાજુવાળાઓમાં માણસોની હાણી.

ફ્રેન્ચોનાં મનની ખુમાર હજી ઉતરી નહી.

બે બાજુએ લડાઈનો રાક્ષસ મનમાં આવ્યું તે પ્રમાણે ખુનરેજી મચાવી ચાલતો થયો અને પુરતી સંભાળથી હવે પછી પણ કામ નહી કરશોતો પાછો આવીશ એવી ધાસ્તી આપી ગયો. તરત બંને રાજ્યના વડા પ્રધાનો સુલાહ સંપજને બોલાવવા સાથે બેઠા પણ ફ્રાન્સની નજરમાં રાક્ષસ પ્યારો લાગ્યો અને સુલાહની નિર્દોષ દેવીનો રૂડો ચિતાર દિસ્યોજ નહી તેથી બંને રાજદરબારીઓ છુટા પડયા. મુખ્ય કારણ એ જણાયું કે મગરૂર ફ્રાન્સની હજી પણ ખાતરી થઈ નહી. ત્રણ માસ આગમજ હું રાજદરબારમાં હાકમી ભોગવતું હતું. ત્રણ માસની વાતપર મારો દોર આખી સુધરેલી દુનિયાંમાં ફેલાવલો હતો. તે દોરથી દરએક પ્રજા ધ્રુજતી હતી. ત્યારે શું મને જર્મની, આજકાલનું નીચ જર્મની પનાહ મંગાવવા આવ્યુંછે? એવા મિજાજમાંને મિજાજમાં ફ્રાન્સનું મન ફુલેલું રહ્યું તેથી તેને કાંઈ પણ સુજયું નહી. ફ્રાન્સ, જહનુની ફ્રાન્સ, બેવકુફ ફ્રાન્સ એટલું સમજયું નહી કે જે પ્રમાણે બીજી પ્રજાઓ પોતાની જિતમાં હારેલા હરીફો ઉપર બધી રીતની સરકરાજી ભોગવવા માંગેછે, જેમ પોતે નજદીક પચાસ વર્ષ અગાઉ પોતાના ચહડતા કાળમાં બીજી પ્રજાઓ સાથ જેવી ચાલ ચલાવી હતી તે પ્રમાણે જર્મની આ વેળા ચલાવવા માંગતુંજ ન હતું પણ તેની સરતો ઘણેક દરજજે નરમ હતી. ફ્રાન્સ પોતે કદાચ ભુલી ગયું હશે કે સને ૧૮૦૭ માં જયારે પેહલા નેપોલિયને આખી દુનિયાંને ધ્રુજાવી, જયારે પ્રુશિયાને પગ તળે દાબ્યું ત્યારે તે દેશને તેણે તદનજ કચડી નાખવાનો ઠરાવ કર્યો હતો તે સારૂ તેણે રૂશિયાને પોતાની સાથ રાખ્યો. તેણે પ્રુશિયાની ફળવંત જમીનનો મોટો ભાગ છિનવી લીધો. નજદીક અર્ધી રૈયતને જુદી પાડી નાખી એક ગંજાવર કર પ્રુશિયાપર નાખ્યો, માત્ર થોડાજ સવારો તે દેશને રાખવાનો હુકમ આપ્યો. એવી તરેહનો જુલમ તેણે પોતાના વખતમાં ચલાવ્યો હતો, પણ જેમ વખત જાયછે અને માણસોનાં મન વધારે અજવાળાંમાં પડતાં જાયછે તેમ તેઓની શુદ્ધ ઠેકાણે આવેછે અને લડાઈની સરતો નરમ પડતી જાયછે. હવે જર્મની કંઈ એવું કહેવા નથી માગતું કે પોતા ઉપર આગલા વખતમાં પડેલા જુલમનું હાલ પુરતું વેર લેવું. એવો વિચારજ આ સુધરેલી વેળામાં છાજતો નથી. પણ જર્મનો જે કરવા માંગેછે તે એટલુંજછે કે પોતાનો ભૂતકાળ યાદ રાખી ભવિષ્ય કાળને માટે વધારે પક્કું અને નક્કી કરવાને બંતી જણાયછે. પણ ફ્રાન્સ તે સમજતું નથી. તેઓ તદન ભુલી જાયછે કે જેમ જે ચીજ બની શકે એવી હોયછે તે બજાવવાની પુરતી યુક્તિ કરવામાં ડહાપણછે, તેમ જે ચીજ તદનજ નહી બને તે છોડી દેવામાં પણ પુરતું ડહાપણ ગણાયછે. પણ એવું દેખાયછે કે જે નહી બને એવુંછે તે પાછળ ફ્રાન્સ લાગ્યુંછે અને એ ઉપરથી સાફ જાહેર થાયછે કે એવી બાબતમાં પેહેલવાનગીરી કરવા જવું એ મોટી ભુલછે.

દુનિયા સાથ પેરિસનો સંબંધ ભાગો.

લાંબો વખત સુધી મોટી જીકર ચલાવી ખાલી હિમાયત બતાવી સપ્ટેંબર માસના વચલા દહાડાપર પેરિસ પોતાની આસપાસની બહોલી જગતથી છુટું પડયું. એ છુટું પાડનાર કોણ હતું. એકતો પોતાના બચાવને માટે ઉભી કરેલી રાક્ષી દેવાલ અને બીજુંતો કીડીની મિસાલ ઉભરાઈ જતી જર્મન ફોજ, તોપણ પેરિસના વ્યવહારનાં બધાંજ નાકાં પુરાયાં નહી હતાં. આટલું થવા છતાં પેરિસ પોતાના દેશના બીજા તાલુકાઓ સાથ વ્યવહાર ચલાવતું હતું અને તે તાલુકા બીજા દેશો સાથ સંબંધ ચલાવતા, એ વ્યવહાર હવાઈ ફાનસો તથા ઉડતાં પક્ષીઓની મારફતે થતો હતો. પણ કોઈબી માણસ બહાર ફરકી શકતું હતું નહી તેમ કાગજ પત્રો જઈ શકતાં ન હતાં. જે મિસાલ એક સોનેરી મેહેલ લોકોની નજર આગળથી જાદુની અસરથી ઘડીભર ગુમ થાયછે તેમ રળીઆમણું પેરિસ, મોજમજાહનું પેરિસ, તવંગર પેરિસ, બાગબગીચાવાળું પેરિસ, ઉમરાવોનું પેરિસ, એકાએક ગુમ થયું તેથી લોકો તે તરફ ભય અને અજાયબીથી જોતા હતા. તે પાછું ક્યારે નજરે પડશે? જર્મનોના બાળી નાખનાર ગંધકી દારૂના ગોળા તેની બાંકિત રચનાપર પડી અંતે આખા યુરોપને તે [illegible] સ્વાધીન કરશે તેની આગમજ તે કેવાં કેવાં દુઃખો [illegible]શે. કેવી સખ્ત અજમાયસમાં તે દહાડા કાહાડશે, કેવી [illegible] જેવી આફતો અને ભયો તે સોસશે? એ શેહ[illegible]ના ઉછાછળા, અધીરા, બેચેન અને ગડબડિયા લોકો લાંબા વખત સુધી કેદખાનું, એકાંતપણું, ધાસ્તી અને નિરાસપણું કેમ ખમી શકશે? શું પેરિસ બચશે કે તદન ફનાં

થશે? શું તે છેક્ષે સુધી પોતાનો બહાદુર બચાવ કરશે યા તરત તાબે થશે? જે નામાંકિત શોભિતી બાંધણીઓએ દુનિયાંની નજરોને હેરતમાં નાખીછે તે બાંધણીઓ જર્મનોનાં ગોળાથી શું ચુરેચુરા થશે કે? શું બધો નાશ થવા છતાં પણ પેરિસની રળીઆમણી રચના જારી રહેશે કે? આવા સવાલો દરએક માણસે ભયમાં અને કંપારીમાં એકબીજાને અને પોતાના હૈડાંને પૂછ્યો હતો. બહારના લોકોમાં શક પેદા કરવાને પોતાની હદના રહેવાશીઓને ધીરજ આપવા પેરિસે પોતાથી બનતી તૈયારી તો કીધી હતી ખરી. પેરિસમાં આ વેળા બરોબર કવાયલા ૧૨૧,૦૦૦ માણસો હતા. ૧૨૦,૦૦૦ મોબીલો અને ૩૦૦,૦૦૦ નેશનલ ગાર્ડસ હતા, તે સાથ લશ્કરી ખાતાંના કેટલાક માણસો હતાં. પણ એમાંનો મોટો ભાગ હથિયારની કવાયતથી અણજાણ્યો, નવો ઉભો કીધેલો અને જે કાંઇ પણ કરતા હતા તેમાં તેઓ જ્ઞાન કરતાં જાતી જહનુનથી ઉશ્કેરાયલા હતા. તોપણ વખતસર પોતાથી બની આવતું બજાવવાને માટે અને ધાસ્તીની વેળા ધીરજથી, હોંસથી કામ કરવા જોઇતી કવાયત દર રોજ લેવા, કિલ્લાઓ સમારવા અને તોપો ગોઠવવાને માટે જે ગુણો અગત્યના જોઇએછે તે તેઓમા ખુદ દીપી નીકળતા હતા. આવી તૈયારી જોઇ એક ફ્રેન્ચ પત્રવાળો એવું જણાવતો હતો કે જો એક પખવાડીયુંજ પેરિસ પોતાનો બહાદુર બચાવ કરશેતો સીદનની લડાઇની હારની બધી હીનપસ્તી ધોવાઇ જશે, પણ પેરિસ તો ચાર મહિનાં સુધી ટકી રહ્યું અને તેટલા વખતમાં એવો બહાદુર બચાવ કીધો કે તેવો કોઇ પણ કરે નહી. તોપણ સીદનની નામોસીતો દૂર થઇ નહીં, પણ તેનાં કારણો આલબત્તે જયાંહાં આખા દેશમાંજ ઊંડા પેસેલા તે સુધરી સુધરીને કયાંસુધી સુધરે. જે હજારો બેવકૂફી જૂદે જૂદે વખતે થયલી તે બેવકૂફીનો ભોગ કેમ અપાવ. ફ્રાન્સ ભાગ્યું તે હાલના ઘાથી નહી પણ આગળ પડી રહેલી કાટોથી.

પેરિસનો કોટ અને તેની આસપાસ પડેલું પ્રુશિયન લશ્કર.

પેરિસની આસપાસ હરીફોનો ઘેરો આવી પડશે [illegible]ી પહેલી બુમ ઉડતાંજ ત્યાંહાંની સરકારે બચાવને મ[illegible] કેટલાક પુલો ઉભા કરવાનું કામ તૈયાર રાખ્યું હતું. મા[illegible] ૧ સુધ્ધે ૧૮૩૦ માં જે સુચનાઓ કીધી હતી તે [illegible]સાર[illegible] રાખી. મોશ્યુ તીએરે ૧૮૪૦ માં પેરિસની આસપાસની કિલ્લેબંધી બાંધવાની શરૂ કીધી હતી. એ કિલ્લેબંધીમાં ત્રીજા નેપોલિયનના વખતમાં વખતે વખત વધારો કરવામાં આવ્યો હતો અને તેની સાથ આગમજ જે તોપોની મારફતે અઢી માઇલ દૂર ગોળા જતા હતા તેને બદલે એવી તોપો શોધી કાહાડી બદલવામાં આવીછે કે પાંચ માઇલ તે ગોળા જઇ શકેછે. એથી કરીને શેહેરનો બાજો બચાવ કોઇ કોઇ વેળા નકામો થઇ પડતો હતો. વળી એ કોટા એવી મતલબથી બાંધ્યા હતા કે કોઇ મોટાં લશ્કર સાથ સારી રીતે બાથ ભીડી શકાય. પણ આના જેવું ગંજાવર લશ્કર કોઇ દહાડો પેરિસ આગળ આવ્યું ન હતું. એથી કરીને જે કિલ્લા શેહેરની આસપાસ બાંધ્યા હતા તે એવા ન હતા કે બધા સાથે જોડાઇ એકંદર એક કોટ થાય, પણ વચમાં વચમાં ઘણીક ખાલી જગ્યાઓ હતી જેથી જર્મનોને હુમલો લઇ જવાને સેહેલું પડે એવું હતું. ત્યારે આ વેળા જે કંઇ ખામીઓ હતી તે સુધારવા પાછળ પેરિસના લોકો મંડયા હતા પણ પેરિસને તેટલો પુરતો વખત જર્મનોએ આપ્યોજ નહી જેથી તેના રહેવાશીઓને કેટલુંક કામ પડતું મુકવાની ફરજ પડી તોપણ ઘણો ભાગ પુરતી રીતે બચાવ લાયક થયો. બીજાં બચાવનાં મથકો સીન નદી ઉપર ઉભાં કીધાં. તરત એ નદી ઉપર ન્હાના તથા મોટા મછવાનાં પુલો બાંધીઆ, ન્હાનામાં પાયદળ અને મોટામાં મોટા ઘોડસ્વાર લશ્કરને એક પારથી બીજી પાર લઇ જવાને સેહેલું થઇ પડે એવું નક્કી કીધું. એ શિવાય તરતી બોટો જેમાં તોપો અને સંદેશા લઇ જવાની બાકની બોટો તૈયાર રાખી અને એક વેળા એ મછવામાંના ફ્રેન્ચો અને કિનારા ઉપરના જર્મનો વચ્ચે મજબૂત લડાઇ થઇ. દરરોજ જર્મનો તક જોઇ તથા સારી જગ્યા શોધી કાહાડી પોતાની ફોજનું બળ વધારતાજ જતા હતા. પેરિસની દક્ષિણે એ કોટ તોડી પાડી ત્યાંહાં જમનોએ પોતાનું મથક કીધું. જે નેહેરમાંથી પેરિસમાં પાણી પોહોંચતું હતું તે નેહેરનો માર્ગ બહારવાળા હરીફોએ તરત બંધ કરી નાખ્યો. સેક્સનીના શાહજાદાની ફોજ સાથ વ્યવહાર ચલાવવાને માટે સીન નદી ઉપર એક પુલ પ્રુશિયનોએ ઉભો કીધો. જર્મનોનું મોટું લશ્કરતો નૈરૂત્યકોણથી તે વાયવ્ય કોણ સુધી પડયું હતું. સેન્ટ ક્લોડનો કસબો જર્મનોનાં હાથમાં ઘણીજ થોડી અડચણે આવ્યો જયાંહાં ઉંચી જગ્યા ઉપર તેઓએ પોતાની તોપો ગોઠવી. જે લશ્કરે પેરિસની આસપાસ ઘેરો નાખ્યો હતો તેની સંખ્યા ૨૦૦,૦૦૦ થી તે અઢી લાખ સુધીની ગણાતી હતી. ટુલ અને સ્ટ્રાસબર્ગ શેહેરોના ઘેરા પુરા થયા તેથી જે ૮૦,૦૦૦ માણસો રોકાણથી છુટા થયા તેનો થોડો ભાગ પેરિસ તરફ અને બાકીનો બીજા શેહેરોના ઘેરાની મદદે મોકલ્યો. પેરિસની પૂર્વ તરફના કિલ્લાઓ થોડી ઘણી મેહેનત અને ભય જર્મનોને આપતા હતા. નેન્સીથી શેલાંને માર્ગે પેરિસ આવવાની આગગાડીની સડક એવી રીતે ખાલી આવી

હતી કે જે ઉપર તુરતથી ફ્રેન્ચોએ ગોઠવેલી તોપોનો મારો આબાદ ચાલુ કરી શકાય. એટલા કીજે જર્મનોને પોતાની આગગાડી અર્ધે રસ્તે ઉભી રાખી પોતાનો માલ આડે રસ્તે જઈ જઈ પાછો જે જગ્યાએ તોપોના મારાની ધાસ્તી નહી દિસતી હતી તે જગ્યાએ આગગાડીપર ચહડાવવાની મોટી અડચણ પડતી હતી. વળી એજ પ્રમાણે મેટ્ઝથી પેરિસ આવવાનો રસ્તો પણ વરદનની તોપોને માટે ઓછો હતો. નજદીક ૧૮,૦૦૦ માણસો સ્ટ્રાસબર્ગ અને બાચીના ઘેરા પાછળ લાગ્યા હતા તેથી પેરિસપર જોઈતો જોસ ભર્યો મારો ચાલી શકતો ન હતો. આવા મોટા ખુનરા સાથ જર્મનો પેરિસની આસપાસ આવી પડયા હતા ખરા પણ તેઓએ ખરેખર જીવ ઉપર ખેડયું હતું કારણ કે આખા દેશમાં વિખરાઈ ગયલું જૂદું જૂદું ફ્રેન્ચ લશ્કર ચાહે અને શક્તિવાન હોયતો તેઓને આવી ઘેરી લે એટલે બે બાજુથી જર્મનો બેડામાં આવી જાય. પણ જે કામ જર્મનોએ માથે ઉઠાવી પેરિસની હજુર આવ્યા હતા તે કામ ઘણી સમજણથી તથા સંભાળથી લીધું હતું. સપ્ટેંબર મહિનાનું આખું છેલ્લું અઠવાડિયું ફ્રેન્ચોએ જર્મનો તરફ ભારી તોપોનો મારો દરએક બાજુથી ચલાવવાને કાહાડ્યું. એક દહાડામાંજ માત્ર હડી હજાર ગોળા ફેંકવામાં આવ્યા પણ તેની કશી અસર સુદાં ઉપર થઈ નહી. ફ્રેન્ચ ખેડુતોનાં ટોળાંને ટોળાં જર્મન મથકો આગળ આવી દરરોજ આજીજી કરતા હતા કે તેઓને પેરિસમાંથી જતું રહેવાની રજા આપવી પણ તેઓનું જર્મનો સાંભળતા ન હતા કારણ કે જેમ બને તેમ પેરિસમાં વધારે લોકો રાખી ત્યાંહાં જલદી ભુખમરો ચલાવી શેહેરને તાબે કરવાની પ્રુશિયનોને આશા હતી. એજ કારણસર જર્મન શિપાઈઓને હોકમ થયો હતો કે જેમ બને તેમ થોડા બંધવા ફ્રેન્ચ લોકોમાંથી પકડવા કે જેથી પેરિસમાં રહેનારા લોકોની સંખ્યા ઓછી થાય નહી. ઘણાક કિલ્લા ઉપર જર્મનો બેધડક ચઢાઈ કરતા અને અંતે હાથમાં લીધા વિના પાછા નહી ફરતા. પેરિસથી રૂઅન અને ફ્રાન્સના દક્ષિણ ભાગ તરફ જમીનની અંદર સંદેસો ચલાવવા ચાર તાર જડેલા માલમ પડયા જે જર્મનોએ કાપી નાખ્યા. નેનટીસથી આવતી ફ્રેન્ચ સ્ટીમરોને સીન નદી ઉપરથી આવજાવ કરવાનો માર્ગ અટકાવી દીધો. તારીખ ૩૦ મીએ બે બાજુથી ફ્રેન્ચોએ શેહેરમાંથી જર્મનો ઉપર ધસારો કર્યો પણ બે કલાક સુધી સખ્ત મારામારી થયાપછી ફ્રેન્ચોને પાછા હઠાવી દીધા. આ વેળા બંને બાજુએ કેટલુંક નુકસાન થયું પણ ફ્રેન્ચોની ઘાત વધારે હતી.

બહાદુર જર્મન શિપાઈઓને રાજા તરફથી માન.

જે જર્મન શિપાઈઓએ લડાઈના હિગામમાં ઘણીજ શૂરી ચાલ ચલાવી હતી તેઓને માન આપવા સારૂ ચોકડીના આકારની ભેટ બખશીઆમાં આવી હતી. એ ભેટ લોહોડાંના ક્રાસની હતી અને તેના છેડા રૂપાંના હતા. એ ક્રાસની એક બાજુએ તાજનો ચિતાર હતો તે સાથ એફ. અને ડબલ્યુ. એ બે ઇંગ્રેજી અક્ષરો હતા. ઓકના ઝાડના ત્રણ પાંદડાં અને ૧૮૧૩ નું વર્ષ લખેલું હતું. બીજી બાજુએ એક તાજ અને તેની સાથ ડબલ્યુ અક્ષર અને ૧૮૭૦ નું વર્ષ હતું. એ ભેટની ક્રિયા તારીખ ૨૯ મી સપટેંબરે વર્સેલ્સમાં થઈ જે વેળા રાજા ૧૪ મા લુઇના એક પુતળાંની પગથી ઉપર પ્રુશિયાંના માનવંતો શાહજાદો ઉભો હતો, તેની આસપાસ નામાંકિત સરદારો અને ઉમરાવો બિરાજ્યા હતા. થોડેક દૂર એક વાજું રાખેલું હતું. બધે ફરતું જર્મન લશ્કર ભારી દબદબા સાથ ઉભું હતું, તેઓની વચ્ચે જે ભલા શૂરાઓ માન લેનાર હતા તે ઉભા હતા. જેવો શાહજાદો દાખલ થયો તેવીજ તેને વાજાંના ખુશ અવાજ સાથ મુબારકબાદી આપવામાં આવી. ત્યાર બાદ પેલા બાહાદુર જંગીઓ એકપછી એક શાહજાદા પાસ આવ્યા. શાહજાદાએ મોટાં માન સાથ તેઓને ભેટ આપી અને કેટલાક સાથ હાથ હલાવી છેલ્લે ખુશહાલીના પુકાર સાથ ઘણુ વખત રાજા ઉલિયમને મુબારકબાદી આપતાં શાહજાદાએ પોતાની તેજ નાગી સમશેર હવામાં ફેરવી. એ પછી એક સરદારે શાહજાદાની મુબારકબાદી એજ રીતે ચાહી. આ વખતનો દેખાવ અજબ હતો. દુશ્મનની જગ્યા ઉપર જર્મનો ગરૂરીથી પુકારતા હતા. એ જગ્યા ઉપર ફ્રાન્સે આગળા વખતમાં જે જે મોટી ફતેહો જર્મનો અને ઓસ્ટ્રિયનો ઉપર મેળવી હતી તેના ચિત્રો અને પુતળાં હતાં. આવો દેખાવ જર્મનોને કેવો હર્ષ ઉપજાવનારો હતો કે જે જગ્યાએ તેઓના બાપદાદાઓની હિનપસ્તીની દેખીતી નીશાણી હતી તે જગ્યાએ તેઓએ આ વેળા પોતાની કીર્ત્તિનું બાંકું ફુકવા માડ્યું હતું.


ફ્રેન્ચ ખેડુતોની જર્મનો સાથે લડવાની રીત.

પેરિસની આસપાસના સઘળાં ગામડાંઓ જરા વારમાં ખાલી થયલાં જોઈ જર્મનો ઘણા અજબ રહેવા લાગ્યા. લોકો પોતાના ગામડાં છોડી ઘરો અને ઝુંપડા તમામ સામાનથી ખાલી કરી આસપાસના જંગલમાં નાહાસી ગયલાં માલુમ પડયાઆથી પ્રુશિયનોમાં ઘણો ગુસ્સો પેદા થયો. તરત તેઓએ શિપાઈઓની દોડતી ટુકડીઓ ચોતરફ વિખરી નાખી કે ફ્રેન્ચ ખેડુતોને જંગલોમાં જતા અટકાવી પોતપોતાના ગામડાંમાં પાછા રવાના કરે

બધા લોકો એકાએક ગામડાં છોડી ગયા તેનું કારણ એકદમ સમજ પડ્યું નહી. યાતો ધાસ્તીથી યા ફ્રેન્ચ સરકારના હોકમથી આવું તેઓએ કીધું હોય એવું જર્મનો ધારવા લાગ્યા. જર્મનો ફ્રાન્સમાં દાખલ થયા ત્યારથી આ વખત સુધી એવી નાસાનાસ કદી તેઓએ જોઈ ન હતી. વારેઘડીએ થોડા ઘણા લોકો શેહેર ઘેર છોડી નાહાસી જતા હતા ખરા પણ હાલની માફક શું બુઢા કે શું જવાન, શું ઓરતો કે શું બાળકો સર્વ જતા રહી ગામડાં ઉજડ બનાવવાનો દાખલો કદી દીઠામાં નહી આવ્યો હતો. આસપાસની નદીઓ ઉપર નાખેલા પુલો ભાંગેલા માલમ પડવાથી એવી અટકળ કરવામાં આવી કે લોકો પ્રુશિયનોની ધાસ્તીથી નાઠા હશે. એ ખેડુતોની કશી રીતે જર્મનો સાથ હરીફાઈ કરવાની ધારણા જણાતીજ નહી હતી તેનું કારણ એકે જંગલમાં નાઠેલા એક પણ ખેડુત પાસે કશું લડાઈનું હથિયાર હતુંજ નહી. આવી ફ્રેન્ચોની ચાલ ઉપરથી સાફ જાહેર થાયછે કે કેટલાક ફ્રેન્ચ સરદારોએ એક ઠેકાણેથી બીજે ઠેકાણે ધાડ પાડે એવું નાસ ભાગ કરતું ફ્રેન્ચ લશ્કર ઉભું કરવાની મજબુત ભલામણો કીધી હતી તે કદીબી અમલમાં આવી શકે નહી, કારણ કે ફ્રેન્ચોની ચાલ એથી તદન ઉલટીજ હતી. એ રસમ પછવાડેથી ફ્રાન્શમાં દાખલ કીધી પણ તે રીત પાર પડી નહી. જે લોકો ગામડાં, શેહેરો અને પોતાનાં રહેઠાણો મુકી નાહાસી જવા તૈયાર તેઓ એવી મારફાડની લડાઈ ક્યાંથી કરી શકે. ગામડાં એવાં તો ખાલી થઈ ગયાં હતાં કે ખાવાની પીવાની અને બીજી બધી અગત્યની વસ્તુ ગેપ થયલી જણાતી હતી. ઘરમાં નજર કરતાંજ વાસણો હાલહવાલ પડેલાં જણાતાં હતાં. તે શિવાય બુઢા માણસોની અસલી સબીઓ દોડા ધુરકી જોતી હતી. રેશમી તથા ગાદીના કોચો અને બીજી ઉંચી બેઠકો હાલહવાલ પડી ધુળ ખાતી હતી. ઘડીવાલો કંટાલો ઉપજાવનારો અવાજ કરતાં હતાં અને ઘરમાંથી નાસી જતા લોકોએજ પોતાના માલને ભાંજફોડ કીધો હતો. લોકોનાં બાગબગીચા ચુપ અને વેરાન થઈ પડયા હતા. ખેતરોમાં પાકનો બિગાડ થયલો જણાતો હતો. ધણી વગરનાં કુતરાં અને થોડાંક પક્ષીઓ ત્યાંહાં ફરતાં જણાતાં હતાં. આસપાસનાં તળાવો અને સરોવર સ્થીર હતાં. જર્મનો એટલાં સુધી એ બધાંની તપાસ કરવા લાગ્યા કે કેટલાક ફ્રેન્ચ રહેવાસીઓએ પોતાનાં ઘરમાં દાટેલો ખોરાક શોધી કાહાડી તે ઉપર પ્રસાદ કરવા લાગ્યા. એક ફ્રેન્ચ બાગમાં જરમન સિપાઈઓ આપખુદીથી બેશી કેવાં નિરાંતે ખોરાક ખાયછે તથા શરાબ પીએછે તથા ખુશ મિજાજમાં બીડી ચહડાવેછે તેનો સાહેબી ભરેલો દેખાવ પાસેનાં ચિત્ર ઉપરથી બરોબર ખ્યાલ આપેછે.

પેરિસ તરફ જતાં જર્મનોને મળેલી અડચણ.

ફતેહની ખુમારમાં જર્મનો જેમ જેમ પેરિસ તરફ વધવા લાગ્યા તેમ તેમ તેઓને ફુજતી ફ્રેન્ચો તરફથી કેટલુંક ખમવું પડ્યું. ફ્રેન્ચો એવી ચાલ ચલાવવા લાગ્યા કે જર્મનો ધાસ્તીમાં પડયા અને સખ્ત ઉપાય લઇ સર્વ તોફાન એકદમ નરમ પાડવા તેઓએ ઠરાવ કીધો. ફુલોમીઅર્સ નામની એક જગ્યા ઉપર પંદર ફ્રેન્ચ સિવિલિયનોની તપાસ કરવા બાદ ગોળીથી ઉરાડી દીધા. કારણ કે એ લોકોએ જર્મનોની ફોજ ચાલી જવા પછી પાછલા ભાગ ઉપર ઓચીંતી બંદુકો ફોડી હતી. જરા આગળ ચાલતાં તેજ દાહડે એક ગામડાંના માણસોએ જર્મનોના એક સરદાર અને બે સિપાઇને જખ્મે કીધા હતા તેથી તે ગામડું એકદમ બાળી ભસ્મ કીધું. ગામડાં બાળી નાખવાની જર્મનોમાં ઘણી માઠી ટેવ દિસેછે. આ ભયંકાર લડાઇમાં એ બાબત ઘણી દલગીરી સાથ લોકો ધ્યાનમાં લેછે. એથી જર્મનો કંઇબી ઇનસાફની રૂએ કામ કરતા હોય એવું તો જણાતુંજ નથી, ઉલટા ફ્રેન્ચો એથી વધારે ડાયેલ થઇ ઘણા વર્ષ સુધી નહી ભુલે એવું વેર પોતાનાં મનમાં પેદા કરેછે. ગુનેગારોને ગોળીથી મારી નાખવાની સજા કદાચ વાજબી ગણાય પણ તોપોના મારાથી ગામડાં બાળી નાખવાં એના જેવું ઘાટકી બીજું કંઇ નથી, ફ્રેન્ચોનો એટલો બધો ધિક્કાર જર્મનો તરફ વધી ગયલો હતો કે ફ્રેન્ચ ઓઓ પણ મોઢી હાણી સમજી જર્મનોના જીવ લેવા ભુલતી નહી હતી. એક વેળા એવા વાંકમાં, કેટલીક ઓરતો પકડાઈ પણ તેઓને રાજા ઉલિયમની દયા ભરેલી નજરથી છોડી દેવામાં આવી હતી. તોપણ શું રાજાનો કે સરદારોનો સાફ હોકમ પોતાના માણસોને આપેલો હતો કે જયાંહાંથી પણ તમે ફ્રેન્ચ લુટારાઓ કે જેઓ ફ્રેન્ક તારીયરને નામે ઓળખાયછે તેઓને જુઓ ત્યાંહાંથી બેધડક ઠાર પાડજો. કારણ કે એ સિપાઇઓ ખરા સિપાઇઓનાં નામને બુરો ડાઘ લગાડેછે. એઓ ખરા ચોરોછે, એઓ ઝાડીઓમાં છુપા ભરાઈ બેશી છુપી રીતે બાહાર આવી આપણા માણસોને મારી નાખેછે. ખરૂંછે કે એ લુટારા સિપાઇઓ જર્મનો સાથ ઘણી માઠી ચાલ ચલાવતા હતા પણ તેનું બાહાનું લઇ નિર્દોષ ગામડાંઓને સળગાવી દેવા એ સુધરેલી પ્રજાનો રવઇઓજ નહી. જો થોડાક એ લુટારા સિપાઈઓએ પ્રુશિયનો ઉપર ઝાડીમાં ભરાઇને બંદુકો છોડી તો તેઓને પકડતાં મુકી તેની પાસે કોઇ બિચારૂં ગરીબ ગામડું આવી ગયું તો તેની ઓરતો અને બચ્ચાંઓને બાહાર કાહાડી મુકી તે સળગાવી દેતા હતા. એમા ગરીબ બાપડા ગામડાંએ શું કીધું તે જર્મનો જોઈ શકતા નથી. એવા ગામડાંનો જે કાંઇ પણ કિમતી



એક ફ્રેન્ચ મહેલમાં જર્મન સિપાહીઓ.



લડાઈના મેદાન પર ઈનસાફ.

માલ હતો તે જર્મનો લુંટી લેતા અને કેટલાક પાછલી ફુરીઆઓ તેઓની પાછળજ જતા હતા તેઓને વેચી નાખતા હતા. એ પ્રમાણે જયાંહાં જતા ત્યાંહાં ગામડાં લુટીને બાળી નાખવાથી ગરીબ બિચારા લોકોનાં મનમાં એવી ભય પેઠી હતી કે બાઈડીઓ નામ સાંભળતાંજ કુવામાં પડી મરણ પામતી, બુઢાઓ હાથે કરી ફાંસી દેતા, કોઇ કોઇ આખાં કુટૂંબો ઘરમાં ગુંગલાઇ મરણ પામતાં હતાં, એવી તહરાની રસ્તાબેજ મચી રહી હતી. આવી ઘાતકી જર્મનોની ચાલથી ઘણી માઠી અસર ફ્રેન્ચો ઉપર થઇછે અને ઘણો લાંબો વખત સુધી ટકી રહેશે. વરૂની માફક જર્મનો ફ્રાન્ક તીઇયરસ શિપાઇઓ પાછલ લાગતા હતા. તેઓને લુટારાનાં હીનપસતી ભરેલાં નામે બોલાવતા હતા અને જયાંહાંથી તેમાંનો એકાદ પકડાયો કે લાગલો તેની જંગલમાંજ તપાસ કરી ગોળીથી ઉરાડી દેતા. આવી એક જંગલની તપાસનો ચિતાર અહિંયા આપ્યોછે તે ઉપરથી તેનો પુરતો ખ્યાલ નજરમાં રમી રહેશે. ખરેખર જર્મનો આ શિપાઈ તરફ જરા હદથી વધારે સખ્ત હતા. દરએક દેશનાં એવો ધંધો ચલાવનારા શિપાઇઓની એવીજ રસમ હોયછે કે પોતાના દેશના બચાવને માટે ગમે તેમ લડી દુશ્મનોને તોબા પાડવી. તેઓની સંખ્યા ઘણી થોડી હોવાને લીધે તેઓ પોતાનો બચાવ ઝાડોમાં ભરાઇ રહી કરેછે. તેઓ બેધડક હરીફોનાં ગંજાવર લશ્કર ઉપર તુટી પડી શકતા નથી. એવાજ શિપાઇઓ છેક પોણોસો વર્ષ થયાં જર્મનીમાં ઉભા કીધેલાછે. તેઓ હજી તેવો પેશો કરેછે, તેઓ પણ છુપી જગ્યામાં ભરાઈ લડેછે. તે સઘળું જર્મનો ભુલી જઈ માત્ર બુરાં વેરને ખાતર એ ફ્રેન્ચો ઉપર બુરો ડાઘ લગાડી મરજી માફક કામ કર્યા જાયછે. જર્મનોના અને બીજા દેશના એવા ગુપ્ત શિપાઈઓ તો વધારે ઘાસ્તી ભરેલા રહેછે કારણ કે તેઓનો કંઈ ચોકસ જાતનો પોશાક હોતો નથી કે તેઓ પરખાઈ આવે. પણ ફ્રેન્ચોનો તો ચોકસ પોશાકછે, તેઓ ઘરબાર વાળા, આબરૂવાળા, ખાનદાન વાળા માણસોછે. માત્ર દેશની સેવાને માટેજ એવી જીવ ઉપર આવેલી લડાઇ રમવા બહાર પડેછે. વાસ્તે એવા માણસો ઉપર જર્મનો ચોરીનો અન્યાય મૂકી પોતાની મતલબ સાચવવા ખુન વરસાવે એ તેઓનાં નામને અને સુધારાને ખરોજ બટો લગાડનારૂંછે. હરએક લડાઈમાં એકબીજાના હરીફની નાલેસી કરવી અને ખામી શોધી તરેહવાર બાહાને પાતો વેર લેવું પાતો મોટા કીધેલા ગુનામાથી છટકી જવું એ ચાલતી રસમછે. તેજ પ્રમાણે આ લડાઇમાં ફ્રેન્ચો તથા જર્મનો એકબીજા ઉપર તરેહવાર વાંકો મુકવા લાગ્યા. જર્મનો ફ્રેન્ચ આફ્રિકન શિપાઇઓની, ઉપલા ફ્રેન્ક તીઈઅરસોની અને જહનુની ફ્રેન્ચ લોકોની ભારી ફરિયાદ કરવા લાગયા. તેથી ઉલટું ફ્રેન્ચો સર્કેઉજરની મારફતે જર્મન શિપાઇઓની લુટ અને બેહદ ઘાતકીપણું સર્વ ઠેકાણે આશકારા કરવા લાગ્યા. તેઓ પુકારતા કે આ તે કેવો જુલમ કે અમારાં ઘરબાર તારાજ કરવા બાદ લડાઇ, ખુની લડાઇથી અમને બધી પ્રકારે તોબાહ પાડયા બાદ જર્મનો અમારી બાનુઓનાં ઘરેણાં અને રૂપા સોનાનાં વાસણ પણ રહેવા દેતા નથી. જર્મનો ખાનગી આબરૂદાર ઘરોમાંથી ઉંચી મિલ્કત લુટી ગાડાંઓમાં ભરી પસાર કરી જાયછે. જે પ્રુશિયન બંધવા ફ્રેન્ચોએ પકડેલાછે તેઓ પાસેથી ફ્રેન્ચોનાં ચોરાયળાં ઘડિયાલો, સાંકળીઓ, ઉંચા પોશાકો અને હીરાકામ જરૂઆબંધ મળી આવેછે.

એક નાણાંવટીને તેના બાગમાં જર્મનોએ પકડયો અને તેના છુટકારાને માટે તેના પાસથી નજદીક ૮૦,૦૦૦ ફ્રાન્ક લીધા. બીજા માલેકની બાઈડીનાં ઘરેણાં, શાલ અને રેશમી કપડાં ચોરી ગયા, દરએક ઠેકાણેથી દારૂનાં ભોંયડાં ખાલી કરી ગયા. એક ઠેકાણે એક કસબાનો માત્ર એક રહેવાશી અભાગ્યા નસીબે હરીફોની સામે થયો તેથી આખું કસબુજ સળગાવી દીધું. એવા એવા જંગલી હોકમ બેધડક સરદારો પોતાનાં માણસોને આપતા હતા. જે ઘરમાં એક પણ ફ્રાન્ક તીઇઅર માલુમ પડયો તો તે ઘરની કમબખ્તીજ, એતો માત્ર માલ મિલ્કતપર હાથ મારતા હતા; પણ માણસોની કીમતી જિંદગીની કશી એથી વધારે દરકાર કરવામાં આવતી ન હતી. લડાઇનો હિંગામ આવ્યો ત્યારે શિપાઇઓ તે પણ કવાયત પામેલા શિપાઇઓએ તો દેશના ભલાંને માટે લડવુંજ જોઇએ. ત્યારે જો તેવા શિપાઇઓ જર્મનોના હાથમાં પકડાયા તો તે લોકોને પણ ગોળીથી ઉરાડી દેતા હતા. બસ લડાઈ ચાલી એટલે દુશ્મનો તરફ ગમે એવી ચાલ ચલાવવી જોઇએ એવા વિચારથી જર્મન સરદારો જેમ મરજીમાં આવતું તેમ ફ્રેન્ચો તરફ સત્તા ચલાવતા. કોઈ વખતેજ જયારે ઘણા રસપર હરીફો આવ્યા હોય ત્યારેજ સળગી પડે એવી વસ્તુ નાખી શેહેરો સળગાવવામાં આવતા હતાં. પણ આતો ઘડી ઘડી એવી પદાર્થો શેહેરોમાં ફેંકી આગ લગાડતાં અને આગળ કોઈબી વખતે એવી રીતે શેહેરો સળગાવતી વખત રહેવાશીઓને આગમજથીજ ચેતવણી આપતા હતા પણ હાલ જર્મનોને મનમાં તો એ બચ્ચાંની રમતછે. ઘરો બાળી નાખવા, બુઢાઓને કતલ કરવા, શિપાઇઓને ઉરાડી દેવા એતો જર્મનો, વાજબી સમજતા હતા. એથી વધારે જર્મનોએ કર્યું છે. તેઓ કહેતા કે જે પણ શેહેર પોતાનો બચાવ કરવા નિકળે તે અમારે મનથી અમે પોતા ઉપર મુસ્તાક સમજીએ છિયે માટે અમારી મરજી માફક અમે કરશું. વળી દરએક ઠેકાણે જામીન લેવાની આ વેળા પ્રુશિયાએ ચાલ કાહાડી હતી, કોઇ ઉપર તેનો વિશ્વાસ રહેતો ન

હતો. પોતે દુશ્મનો ઉપર ગમે એટલો હુમલો કરે તે વાજબી ગણાય, અને પોતાનાં લશ્કરને કોઈપણ રીતે જરાપણ અડચણ થતાં ફ્રેન્ચોને પકડી પકડી મારવા તેઓ ચુકતા નથી. એથી વધારે આપખુદ એ ચાલ ચલાવતા હતા કે જર્મનો ફ્રેન્ચ ખેડુતોનાં ટોળાંને ટોળાં પકડી મંગાવી તેઓના પોતાના દેશની સામેજ લડવાને માટે જે બાંધકામો જર્મનો ઉભા કરતા તેમાં તેઓ પાસે જોરજુલમથી કામ કરાવતા હતા. બુજરોગ આપખિશોને પકડી જાહેર અપમાન આપવું, દેવળો, ધર્મની જગ્યાઓ લુટવી, ઉપાધ્યાઓને ઠાર કરવા, નિર્દોષ ઓરતોનાં ઘર ઉજાડવાં, બચ્ચાંઓને ચીરી નાખવાં એ જર્મનો સુધરેલી પ્રજાનો આ સુધરેલા જમાનામાં કાએદા અને ખરો ઇનસાફ સમજેછે ?



દરદીઓને ઉંચકી લઈ જવા માટે ક્રોસ.

આવા તહોમત ભરેલાં સર્ક્યુલરનો પ્રિન્સ બિસ્માર્કે જવાબ વાળ્યો અને તે તહોમતો રદ કરી બળવંત એ મુદ્દાએ સામા ઘણાં મારી નવા અન્યાય ફ્રેન્ચો સામે ઉભા કીધા. તે પુકારવા લાગ્યો કે ફ્રેન્ચોએ જાહેર કીધેલી આ બીના તદન ગલતછે. ગલતછે એટલુંજ નહી પણ સામા ચોર કોટવાળને દંડેછે. તે કહેવા લાગ્યો કે જર્મનોએ આવું કાંઈ બજાવ્યું નથી પરંતુ સુલેહનાં વાવટા ઉપર ફ્રેન્ચોએ ગોળીઓ છોડી અપમાન આપ્યુંછે. શિપાઇઓનાં મથકો ઉપર હુમલા કીધાછે. ફ્રેન્ચ ઘાયલ થયલા બંદવાઓએ વૈદોને લુટયાછે અને માઠી ચાલ તેઓ સાથ ચલાવીછે, ઘાયલ જર્મનોને મારી નાખ્યાછે. બંધીવાનોને ઠાર કીધાછે, એવી ગોળીઓ વાપરીછે કે જે જમીન ઉપર પડતાંજ સળગી ઉઠેછે. જર્મનોનાં વાહાણો ફ્રેન્ચોએ પકડી દરિયામાંજ ગરક કીધાંછે. જર્મન બંદ-

વાઓની ખરી તપાસ કીધા વિના તેઓને કતલ કીધાછે. આસરે જણસે બેવેરિયન ઘાયલ થયલા શિપાઇઓને પકડી તે ટવળતાં દરદીઓને ભોંયરામાં અને અંધારાં બંદીખાનામાં બંધ કીધા હતા. તેઓને સુવાને માટે નરમ બિછાનાંને બદલે ઘાસ આપ્યું હતું. એક અઠવાડિયાં સુધી માત્ર પાણીને રોટલીપર રાખ્યા હતા. પણ સારાં ભાગ્યે અંગ્રેજી અને જર્મન બાનુઓએ તેઓપર દયા કરી તેઓની માવજત કીધી તેથી તેઓ બચ્યા. ભર શિયાળામાં કકડતી થંડીમાં ગરીબ બંદવાઓને અને દરદીઓને વગર દરકાર, વગર અગ્નિએ, વગર ધાબળીઓએ હવામાં ખુલ્લા ટવળતા રાખ્યા પણ તેથી ઉલટું જર્મનીમાં ફ્રેન્ચ બંધવાઓ ઉપર જોઇતી માવજત લેવાયછે. જર્મન વાહાણોનાં ખલાસીઓને બંદીવાન તરીકે નહી પણ ગુનેગારો તરીકે રાખી બબે જણને સાંકળે બાંધી ભુખ્યા તરસ્યા એક જગ્યાથી બીજી જગ્યા ઉપર લઇ જવામાં આવ્યાછે. જે બંધવાઓને કસબા યા વસ્તી વાળી જગ્યા ઉપરથી લઇ જવામાં આવ્યાછે ત્યાંહાંના રહેવાશીઓએ તેઓની મશ્કરી કરી ભારી અપમાનો આપ્યાછે. આવી તરેહનાં અરસપરસ તોહોમતો તેઓ મૂક્યા જતા હતા. લડાઇનાં ભયંકાર ચિતારમાં તેની સઘળી માઠી અને કમકમાટ ભરેલી અસર સુધાં એક દેખાવ ઘણો સંતોષકારક હોયછે અને દરદીઓનાં દુઃખીઓનાં મોતનાં પંજામાં ટવળતા શિપાઇઓના દિલ ખરેખરાં રીજાયછે, એ દિલ રીજવનાર કોણછે. અબળા જાતિનો નરમ અને ખાલિસ હાથ, એ ભોદાઇ ઉત્તમ બખશીસ માણસને તેનાં દુઃખની વેળા જે ખરી આશીશ દેછે તેનો મનભાતો ચિતાર લડાઇનાં વખતમાં લેવાનોછે. ઘાયલ થયલાઓની સંભાળ લેવા મલમપટા અને દવા દારૂ કરવા સ્ત્રીઓ, ભલી નારો સદા તૈયાર હોયછે તેઓ આ વેળા પોતાનો દરજ્જો યા મોભો તપાસવા ઉભી રહેતી નથી. આ પાસેનાં ચિત્ર ઉપરથી જણાશે કે ઘાયલ થયલાઓને ઉંચકી લઇ જવા યા સંભાળવા ખાતર હારેલા હરીફ સામા દુશ્મનને થોભાવવા ક્રાસ સાથનો એક વાવટો ઉરાડેછે અને તે મેહેનતમાં પ્રમાણિક બાનુઓ દોડી આવી દરદીઓની માવજત કરવા મંડી જાયછે. એ દેખાવ કેવો સંતોષકારકછે. ફ્રેન્ચો જર્મનો ઉપર અને જર્મનો ફ્રેન્ચો ઉપર તરેહવાર મોટા અન્યાય લાગુ પાડતા હતા તેમાં કેટલાક ખરા પણ હોય તોપણ કેટલાક દેખીતા દાખળા આપણી નજર આગળછે કે જેમાં તેઓનું ઘાતકીપણું કશી રીતે પોતાનો બચાવ કરવાને શક્તિવાન્ થતું નથી. મોટી ફરિયાદ ફ્રેન્ચોએ ઉભા કીધેલાં પેલા જંગલી તર્કોસ લશ્કરનીછે. એ ફરિયાદ એક અવાજે સર્વ ઠેકાણેથી નિકળેછે અને એક અવાજે સર્વ કબુલ કરેછે. ફ્રેન્ચો વદિક એ ખુની આજના શિપાઇઓને ધિક્કારેછે તોપણ લશ્કરનો મોટો ભાગ તર્કોસ લોકોની જંગલી બાહાદુરીમાં કીર્તિ મેળવેછે. એ તકસીર અને એ ખુની ચાળ જનમ સુધી ફ્રેન્ચોનાં નામને કાળો ડાઘ લગાડી હવે બીજી તરફ જર્મનો કેટલીક રીતે ઘાતકી હતા અને તે પણ અગત્ય કરી ગામડાંઓ બાળી નાખવામાં પણ તેઓ એવા કાયદાસર કામ ચલાવતા હતા કે તેઓની બેદાદી યા ઘાતકીપણાંનો થોડાઘણો બચાવ થઇ શકતો હતો. તોપણ જર્મનોને માટે ફ્રેન્ચ લોકોને જે ભય પેદા હતો તે ખરેખરો ભારી હતો. એ ભયને લીધે આલ્શાસનાં લોકો જો કે જર્મન ઓલાદના હતા તોપણ લાંબો વખત સુધી ફ્રેન્ચ રાજ્યમાં રહેવાથી એવા મળી ગયલા હતા કે હવે જર્મનોના અધિકાર હેઠળ આવવાને તેઓ નાખુશ હતા.

લોરેનનું બોહોળું પરગણું.

આલ્શાસની સાથ લોરેનનું રાજ્ય પણ ફ્રેન્ચોની તરફદારી કરતાહું, એ બે પરગણાંતો લડાઇનાં મુખ્ય કારણો હતાં. લોરેનનું જુનું પરગણું ફ્રેન્ચ લોકોનાં અઢારમી શદીની વેળાના મોટા બળવાની વેળાએ ચાર ભાગમાં વેહેંચાઇ ગયલું હતું. એની લંબાઇ આસરે ૧૦૦ માઇલ અને પોહોલાઇ ૬૦ માઇલની હતી. એજ પરગણામાં મેટ્ઝનો જબરદસ્ત કિલ્લોછે. એ પરગણું અસલથીજ જર્મનો અને ફ્રેન્ચો વચ્ચે મારામારીનું બી રોપતું આવ્યુંછે. અગીઆરમી શદીમાં એ પરગણું જર્મનોના હાથમાં હતું. પણ ફ્રાન્સમાં એનું મથક હોવાથી એની વલણ ફ્રેન્ચો તરફ પેહેલાંથી તે હાલ સુધી જારીછે. સત્તરમી શદીમાં કેટલાક ચોકસ કોલકરારો કરી એ રાજ ફ્રેન્ચોનાં હાથમાં આપવામાં આવ્યું ત્યારથી એ ફ્રેન્ચો સાથ જોડાઇ તેઓનાં રાજનો અને મુલકનો એક અગત્યનો ભાગ ગણાયછે. આગળ પણ એ પરગણું જર્મનોનાં હાથમાં હતું ત્યારે માત્ર એ પોતાની આવકનો માત્ર મોટો ભાગ જર્મનોને આપતું પણ બધો લાભ અને માયા ફ્રાન્સ તરફ હતી. એની વસ્તીમાં ફ્રેન્ચો તથા જર્મનો બન્નેનો મેળાવડોછે. આ ગઇ સદીથીજ જર્મનો એ પરગણાપર પોતાનો હકછે એવું સાબેત કરતા આવ્યાછે. તેમાં ૧૮૭૦ માંતો એ ભાગ મેળવવા વિષે જર્મનીમાં મોટો પોકારો થઇ રહ્યો. કવીઓ, ગ્રંથકારો અને જાહેર ભાષણ કરનારા લોકોને ઉશ્કેરવા લાગ્યા. પણ એ પ્રગણાની વલણ જર્મન તરફ હતીજ નહી. એક ચર્ચા પત્રી જે ખાસ કરી લોકોની રીતભાંત અને વિચારો તપાસવા ઘણા દહાડા સુધી લોરેનમાં રહ્યો હતો તે જણાવેછે કે એ પરગણાનાં એક ચોકસ નાનાં ભાગ શિવાય બધો ભાગ રીતભાંતમા, ચાલચલણમાં, બોલી અને પેહેરવાસમાં અપરતો ફ્રેન્ચછે. માટે એવા ભાગને

પોતાની તરફ ખેંચવાની યુક્તિ કરવી એ જર્મનોના ભાગ ઉપર ખરી બેવકુફાઈ શિવાય બીજું કાંઇ નથી. અહિંયાનાં રહેવાશીઓ ચબરાક અને પૈસાદારછે, પોતાના દેશ તરફનું જહનુન એ લોકોને ઓછું નથી. એ પરગણું લેવાનું જર્મનો એવું કારણ લાવવા લાગ્યા કે જે આપણુંછે, જે આપણને લગતુંછે તે આપણે આપણા રાજ્ય સાથ કાં નહી જોડી નાખિયે. તેઓએ યુરોપના ઘણાક ભાગોનાં દાખલા આપ્યા કે તે કેમ એકબીજા સાથ જોડી ગયાછે. પણ જર્મનો આ વેળા ભુલી જાયછે કે જે ભાગો મોટા રાજ્ય સાથ જોડાયા તેમાં તે ભાગોની પોતાની ખુશી હતી; નહી કે જોરજુલમ કરવાથી, જબરીથી તાબે થયા અને જોડાયા. હિયાં લોરેની બાબત તો એવીછે કે તે એકબારગી જર્મનીને લાગતું વળગતું હોય પણ તેનાં ઘણાખરા બધા રહેવાશીઓ જર્મનો સાથ જોડાઇ જવા સાફ ના પાડતા હતા, તદન નાખુશ હતા અને તેમ થવાથી બેદિલ થયું એવું જણાવતા હતા તે છતાં પણ તે ઉપર તરાપ મારવાની તજવીજ કરવી એ કંઇજ નહી પણ આપખુદી, જાસતી ભરી આપખુદી. જો જર્મનો એવું કહેવા માગતા હોય કે આલ્શાસ અને લોરે જર્મન બોલી બોલેછે તેથી તેઓને આપણે સાથ લેવા જોઇએ તો ઇંગ્લાંડ પણ એવું કહેવા નીકળશે કે અમેરિકામાં આવેલું યુનાઇટેડ સ્ટેટસ પણ અમે લેવું જોઇએ. પોર્ટુગાલ એમ કહેશે કે દક્ષિણ અમેરિકા ઉપર મારો હકછે અને ફ્રાન્સ કેનેદા લેવા તૈયાર થશે. આટલી બેહુદી જર્મનોની માંગણી છતાં તેઓનાં બળમાં તેઓ ફાવ્યા અને જે ચાહતા હતા તે મેળવવાને તેઓ શક્તિવાન થયા ખરા.

બંન્ને બાજુ વાળાઓમાં માણસોની હાણી.

સીદનની ભારી લડાઈ થવા પછી કોઇ એવી લડાઇ ખોલ્લાં મેદાનમાં નહી થઈ તેથી બંન્ને તરફ વાળાઓનાં કેટલા કેટલા માણસો માર્યા ગયા અને શું શું ખરાબી થઇ તેનો આકડો કહાડવાનું બંને હરીફોને બની આવ્યું. જર્મનોનાં ૬૦,૦૦૦ માણસો મરી ગયાં તથા ઘાયલ થયાં, ૨૦ થી ૩૦ હજાર સુધી આજારી પડયાં અને ૯૦૦ થી ૧૦૦૦ સુધી કેદ પકડાયાં. જર્મનીનો જે ભાગ હેસ્પનને નામનોછે તેનું લશ્કર ખોરાકીની ખરાબ રખેવાળી અને ગોઠવણને લીધે ઘણું હેરાન થયું હતું. દહાડાને દહાડે ભુખ્યું રહી દુઃખી થયું હતું અને મરણ પામ્યું હતું. પણ ફ્રેન્ચોના ટોટાનો કશો સુમાર નહી હતો. તેઓના બધાં મળી મુઆં અને ઘાયલ થયાં તે ગણતાં એક માર્શલ, ૩૯ જનરલસ, ૩૨૫૦ અમલદારો, ૧૦૪૭૫૦ માણસો, ૧૦૨૮૦ ઘોડા, ૫૬ વાવટા, ૧૦૨ મિત્રેલિયર્સ, ૬૯૦ તોપો, ૪૦૦ ઘજા, એ વતરોગે ઘણોક અશબાબ, ખોરાકનો નાશ થયો. ફ્રેન્ચોનાં એટલા માણસો કપાઈ જતા હતા કે તેનો કશો થાગ ન લાગતો હતો. હજારો માણસો ફ્રેન્ચોના કપાઇ જતા હતા તેનો ખ્યાલ આવી શકતો નથી પણ ફ્રેન્ચો શું કરી શકે, સંખ્યા અને બળની સામે કેટલું કરે. જર્મનો સંખ્યામાં બેશુમાર હતા, એટલુંજ નહી પણ કદમાં ખરીજ ભય પેદા કરે તેવા જણાતા હતા. આ પાસેનાં આપેલા ડ્રેગુન નામની ઘોડેસ્વાર રીજમીટનાં એક શિપાઇનાં ચિત્ર ઉપરથી અસરકારક ભય દિલમાં પેદા થાયછે. એવા માણસોની ફોજોની સામે ફ્રેન્ચોએ ટકી રહેવું હતું, તેઓએ તોય ઘણું કીધું પણ અંતે નહી ફાવ્યા. પણ જર્મનોને પોતાની ખરાબીથી કંઈ થોડું લાગતું નહી હતું. પ્રજાના ફુલ જેવા જુવાન ગભરૂઓ ઝડપમાં ઉડી ગયા હતા. હજારો કુટુંબોમાં માહેતમ ચાલતી હતી. તેઓને દિલાસો આપવા જર્મનોના શાહાજાદાએ જુદી જુદી સભાઓ ઉભી કરાવી. તેઓ મારફતે દુઃખીઓનું નિવારણ કરવા પૈસાની રકમો ઉઘરાવી અને જે માબાપોએ પોતાના બુઢાપણાંની બાજુ પોતાનાં બેટાઓનાં મરણમાં ખોઇ દીધી તેઓને બનતી મદદ કરવા મંડયો.



પ્રુશિયન ડ્રેગુન ઘોડેસ્વાર.

પ્રકરણ ૧૯ મું.

લડાઈનું જહનુન—પેરિસનાં સંભાલને માટે જનરલ ત્રોચુની ગોઠવણ—શોહેરનો મામલો—પેરિસની અંદર જમા થયલુ લશ્કર—ફ્રાન્સમાં ભુખે મરતા લોકોને બચાવવાનાં ઉપાય—રૂશિયાની ફ્રાન્સ તરફ દયા—પ્રખ્યાત શોહેર મેટઝ—મારશલ બાઝેનની ચાલચલણ—એક અજબ બીના.



મુડદાં દાટવા માટે ક્રોસ.

લડાઈનું જહનુન.

માણસોમાં તેઓનાં ખરાબ ખવાસો તરીકે તેઓનાં મગજમાં પેદા થતાં તરેહવાર જહનુનો ધિક્કારથી આપણ જોઈ શક્યું પણ જે જહનુન માણસોને દિવાનાં બનાવી લડાઈમાં હેમકોની માફક હોમાવા ઉશ્કેરેછે તેના જેવું નીચ અને પાપી જહનુન બીજું કોઈ નથી. એ જહનુન નીચછે તેનું કારણ એકે જે ધણીમાં એનો પવન આવ્યો તે ધણી પછી ગમે એવો મોટા મનનો, ગમે એવા સખી દિલનો હોય પણ તે આ જોસ્સામાં નીચમાં નીચ ચાલ ચલાવેછે. એ જહનુન વળી પાપી એટલા માટેછે કે એની ખુમારમાં નહી ઓદાર્ઈ કે નહી માણસાઈ કાયદો જળવાતો. જે શખ્સ દરરોજ ઓદાર્ઈ કલામો પઢી ઓદાય લેખ જાહેર કરે અને ઓદાય બોધ આપતો હોય તેજ ધણી એવી વેળા સર્વ ભુલી જાયછે. ન્યાયધિશ જેવો અદલમાં અદલ સરકાર અપક્ષતપાત રાજ,

માણુમારી કાયદા તજી દઇ જંગલી હેવાનોની હાલતે પોહોંચેછે. જો સલાહ સંપજનાં વખતમાં કોઇ ખુન થયું તો તેની દોરાદોર પડેછે. ગામમાં યા મુલકમાં સુનાતો પડી રહેછે. ખુનીને પકડો, ખુનીને પકડો એવા પુકારો જારી રહેછે. ખુની પકડાયછે તેનો કેટલાક દહાડા સુધી ગંભીરતાથી ઇનસાફ થાયછે, એકમતથી તેને ગુનેહગાર ઠરાવેછે તોજ તેને ફાંસી દેછે. પણ લડાઇની વેળા હજારો જાન બેદરકારપણે નીકળી જાયછે. જબ્બો ખુનીઓ નિરદોશ લોહીમાં હાથ બોળેછે તોપણ તેઓને કોઈ પકડતું નથી, તેઓનો કસો ઇનસાફ થતો નથી, તેઓને કોઇ પુછનાર નથી. બલકે તેથી ઉલટું જે શિપાઈ વધારે માણસોને મારી આવેછે તેને શાબાસી મળેછે. મોટો થાયછે અને તેહની પદવી વધેછે. સલાહ સંપજનાં વખતમાં કોઇ ગમે એવું મરણ થાયછે તો તેને મોટી આબરૂ સાથ જુમીંદ કરવામાં આવેછે પણ લડાઇનાં ઠીગામમાં હજારો માણસ પછી તેમાં સરદાર કે શિપાઈ ગમે એવા કમકમાટ ઉપજાવનારા આકારમાં પડેછે તો તેની કોઇ દરકાર કરતું નથી બલકે બકરાં યા મેંઢાનાં ટોળાંને ઇઆબોહોમ ખાડામાં હોમાવી દે તેમ હોમાવેછે. લડાઈમાં જારે ઘણા મરણ થાયછે તારે તેઓને દાટવાની એક બાજુ વાળો બીજી બાજુ વાળા પાસ મોહેતલ માગેછે એટલે કે તેટલો વખત લડાઈ બંધ પાડવાની રજા માગેછે અને તે બંધ પડેલો વખત જણાવવા તરેહવાર નીશાણો રાખેછે. આ મથાળેનાં ચિત્રમાં મુએલાને દાટવા સારૂ વખત દેખાડવા એક ક્રાસ જમીનમાં દાટયોછે અને તેટલા મોટા મોટા ખાદા ખોદી અંદર હોમાવી દેવાનું



શિપાઇઓ પોતાના કુટુંબો ઉપર કાગજ લખેછે.

નામ વગર બીજીઆ યા કબ્રામી માન અકરામે ચાલેછે. આવા ઠીગામમાં કોઇને ખબર પણ પડતી નથી કે એ દગામાં કયો કયો હીરો માએનો પુત જનમ સુધી નનામો થઈ પડયોછે. એવા વખતમાં પદવીનો યા દરજ્જાનો યા જરનો કસો તફાવત રેહેતો નથી. એક મોટા ઉમરાવજાદાને ગરીબ ભીખારી સાથ અનઠીક ઘોરમાં દટાવું

પડેછે. લડાઇમાં જતી વખતે શુરા શિપાઇઓ પોતાનાં વાહલા જાન પોતાને સોંપી જાયછે, પાછો આવશે એવીતો કોઇજ લડવૈયે હિમ્મતથી આશા રાખતો હશે. હજારો માઇલ દુર બાર્જે વખતે ગરિબ શિપાઇઓને જવું પડેછે તે એટલા સુધી કે પોતાનાં વાહલા કુટુંબની કસી ખબર મહિનાનાં મહિના સુધી મળતી નથી અને પોતે તેઓને કોઇબી રીતે જણાવવાને શક્તિવાન થતા નથી. તેઓ પોતાનાં પ્યારાઓને પોતાની ખબર આપવા હમેશાં ઇનતેજાર રહેછે અને જે પણ તક મળી તેમાં તેઓનાં હજુ સલામત રહેલા જાન વિષે જણાવવાને ચુકતા નથી. આ પાસેનું ચિત્ર કેવો અસરકારક દેખાવ આપણી નજર હજુર ધરેછે. એમાં જર્મન શિપાઇઓ ઘાસ ઉપર પડયા પડયા પોતાનાં સગાંઓપર કાગજ લખેછે અને એ વેળા એ લોકો પોતાના ચેહરા ઉપરથી કેવા સંતોષી માલમ પડેછે.

પેરિસનાં સંભાલને માટે જનરલ ત્રોષુની ગોઠવણ.

પોતાના ચપળ મનની કલ્પેલી શક્તિ પ્રમાણે ત્રોષુએ પાયતખ્ત શેહેરનાં બચાવની કેટલેક દરજ્જે સારી ગોઠવણ કરી રાખી હતી, પણ તે ગોઠવણ પ્રમાણે તે ચાલી શક્યો નહી યા તે અમલમાં આવી શકી નહી. ત્રોષુનો ઠરાવ એવો હતો કે કંઇબી હિલચાલ વિના પેરિસની કિલ્લેબંદીનાં પાછલાં ભાગમાં રહી દુશ્મનને છેડવાજ નહી અને જે વખત મળે તેટલાં નવાં ઉભાં કીધેલાં લશ્કરને કવાયત બખશવી અને જે વખત જશે તેમાં આસપાસના પરગણામાં લશ્કર એકઠું થઈ જૂદા જૂદા ભાગો ઉપરથી પેરિસની મદદને માટે આવી પોહોચશે તેઓની સાથ મળી જઈ શેહેરની અંદરથી એવો સખત હુમલો કરશું કે દુશ્મનોને ઘભરાઈ ઘેરો ઉઠાવવાની ફરજ પડશે. એવો વિચાર ત્રોષુનાં મગજમાં ભમ્યા કરતો હતો. તેની ખાતરી હતી કે કેટલાક મહિનાં સુધી ચાલે એટલો પોતાની પાસે ખોરાક હતો. તેની મોટી આશા આસપાસનાં પરગણાનાં કલ્પેલા લશ્કર ઉપર અને શેતમ ભરયા શિયાળાની રૂતુ જર્મનોને ખચીત બેજાર કરશે એવી પક્કી ખાતરી ઉપર હતી. પણ અંતે એની આશામાં એ પાર ન પડયો તેથી કાંઇ એવું ઠડતું નથી કે એનો બાંધેલો વિચાર ભુલ ભરેલો હતો. એજ ગોઠવણ એક વેળા એટલાં સુધી પાર પડવા આવી હતી કે તેથી ત્રોષુ પોતે હરખથી ઉશ્કેરાયો કે જે લોહોઢાંની જંજીરે ફ્રાન્સને જીકરવા માંડયુંછે તેને ઉરાડી નાખું. લડાઇની વેળા ધાસ્તીની વખતે ડાહપણ વાપરવું એ મોટી ખુબી ગણાયછે પણ તે ડાહપણ હદની બાહર લઇ જતાં તે ખામી થઈ પડેછે તેમજ ત્રોષુનાં બાબમાં થયું. લડાઇ શરૂ થતાં વાપરેલું એ ડાહપણ અને ધીરજ વખાણવા જોગ હતી પણ અંતે જયારે જીવ ઉપર વાત આવી પડી ત્યારે પણ એજ ડાહપણ પકડી બેસી રેહેવામાં ત્રોષુએ મુર્ખાઇ કીધી, એટલુંજ નહી પણ પોતાની કમ શક્તિ દેખાડી દીધી. ઘેરાનાં છેલા દહાડા પરતો અંદરનાં લોકોએ વધારે ચપળ રહી એક મજબૂત ઠરાવ કરી જહડપ કરવી હતી કે કાંઇબી તેઓનું વળતે. ધોબવાનાં અને કામ ચલાવાનાં, કવાયત આપવાનાં અને જોસથી લડવાનાં વખત જૂદા જૂદા હોયછે. બધી વેળા એકનીએક ચીજ ચાલી યા ફાવી શકતી નથી. જયારે ઘણી મેહેનત અને ઉલટની જરૂર હતી ત્યારે તો ત્રોષુ પાછો હઠયો જેથી ખોરાક ખુટો. બચાવ કરવાની શક્તિ તુટી અને શરમીંદગીથી અંતે મુગ્રુ મુગ્રુ હરીફને તાબે થવાની ફરજ પડી.

શેહેરનો મામલો.

જેઓ પ્રજાસત્તાક રાજયનાં ચુસ્ત અને જહનુની હીમાયતીઓ હતા તેઓ ઘેરો પેહેલો નખાયો તેવાજ અંદરથી હુમલા કરવા તળપી રહ્યા હતા. એ વેળા ત્રોષુએ તેઓનું કાંઇ સાંભળ્યું નહી અને પોતે એ બાબતથી દુર રહ્યો તેમાંતો ડાહપણજ કીધું કારણ કે પેહેલા દહાડાઓપર તો માણસો કવાયત વિનાના અને પોતાના કામથી તદન અનજાણા હતા. સપ્ટેંબર મહિનામા જે જે ન્હાનાં હુમલાઓ શેહેરની અંદરથી થયા તેથી જણાયું કે શિપાઇઓ આસતે આસતે ભય ભરેલા પ્રુશિયનોનાં ગોળા ખમવા શક્તિવાન થશે ખરા. એટલી વેળા વળી શેહેરનાં ખાલા ભાગોમાં, મોહોલાઓમાં અને કોટની ઉપર પણ માણસોને લડાઇની કવાયત શિખાડવા પાછળ મંડયા હતા. પેરિસ જે હમેશાં શિપાઇઓને પોતાની સાથ રાખવા, શિપાઇઓને શિખાડી હુશીઆર કરવા ખંતી રહેછે તે આ વેળા પોતાના માણસોને ઉલટથી કામ કરતાં જોઈ ખુશી થતું હતું. શેહેરની બાહાર દુશ્મનો ચુપ હતા. શેહેરની અંદર લોકોનો તેમજ લડવૈયાઓનો દેખાવ ગંભીર હતો. ફ્રાન્સનાં લોકોનાં મોહોડાની અલંકાર ભાષામાં ઓચરાતી દફાંસ અને ઢોંગથી મજા પેદા કરે એવી ચાલચલણની નીચે પણ થોડો ઘણો દેશનો ખરો પ્યાર છુપાયલો હતો. જહનુની પ્રજાસત્તાકનાં ચેળાઓ, બેસુમજ તુફાની લોકો અને જંગબાજ શિપાઇઓ સર્વ આવા ભયના વખતમાં તમામ તોફાન ભુલી ગયા અને એકબીજાને કસીબી ઇજા કર્યા વિના સર્વનો એકસરખો લાભ સંભાલવાને માટે જે ધારતી સાચરણ હતી તેની સામે થવા એકદિલથી જોડાયા, તોપણ મોજીલા પેરિસનાં ચાળા ગયા નહી. સર્વ નાટકશાળાઓ તો તુરત વેળા બંધ થઈ હતી પણ રસ્તા મોજમજાહનાં મુકામ થઈ પડયા હતા. આળસુ ભટકનારા રસ્તે રસ્તે

રખળતા હતા, ટોળાબંધ પચાર કરતા, હસતા, ગાતા, ભાષાણો કરતા અને તરેહવાર ઉલટમાં હિંયાંથી ત્યાંહાં હિંડતા હતા. લોકો તીક્ષણ કાચોની મારફતે હરીફનાં ગંજાવર લશ્કરને જોતા હતા, વાજાંની પેટીઓ વગાડતા હતા, તોપણ આવી મોજ મસ્તીનાં ખોજલાં આકાશમાં ગમી અને ધાસ્તીનાં કેટલાંક કાળાં વાદળાં ઘેરાઈ આવ્યાં હતાં અને આવતો વરસાદ ઘણો ગોતમ ભરેલો થશે એવું લાગતું હતું. ખોરાકની ઉપર સર્વ મોંઘી કિમત ઠરાવવામાં આવી તોપણ ખાટકીઓ તરેહવાર ભાવે પેહેલાંતો ખોરાક વેચવા લાગ્યા. ઘોડાનાં માંસની ચોકસ કિમત મુકરર કરવામાં આવી. કુતરાં, બીલાડાં અને ઉંદર જે નજીસમાં નજીસ ખોરાક ગણાતો હતો તે ઉપર જયારે સારો ખોરાક ખુટયો ત્યારે ગુજરાન કરવાની સર્વને ફરજ પડી. જાહેરાંત ખાનાં ઉભાં કરવાની અને તેથી ગરિબોનું પેટ ભરવાની યચનાં થવા લાગી, આટલું છતાં લોકોનાં દિલ આશાથી ભરપુર હતાં. દુશ્મનને મારી હઠાવવાને તલપ તલપ થતા હતા. તેઓમાં ગુમાન હતું કે એકબી હરીફને ફ્રાન્સમાંથી જીવતો જવા ન દેવો બળકે સામા દુશ્મનનાં રાજયમાં જઈ પોહોચી બરલીનમાં સલાહથી પનાહ મંગાવવી. મોતની સાથે તેઓએ સાટું કબિલું જણાવ્યું અને ઠરાવજ કીધો કે મરવું કે મારવું. તેઓ પુકારતા હતા કે હમો કદી ઠગાઇથી, લુચ્ચાઈથી દુશ્મનને ઇજા કરનાર નથી. અંધારામાં ઉભા રહી કદી ગળાં કાપનાર નથી, પણ ખોલ્લાં આકાશની રોશનીમાં હિમ્મતથી લડશું. પેરિસ જે સારી દુનિયાને આજસુધી ખુશી કરનારૂં જણાયલુંછે તે હવે સર્વને ભયમ નાખનારૂં કેહેવાશે. પેરિસ આલમને અજાયબીમાં નાખશે કે કેવું મગરૂરી સાથ તે નીચે પડેછે. પેરિસનાં બચાવમાં મારયા જતા શૂરાઓની યાદગારી કેવા આકારમાં રાખવી તેનો જીહાનમાં ગોર થઇ રહ્યોછે. આવું બોલવું પેરિસને છાજતુંજ હતું તેની તથા તેના લોકોની ખુમાર અને ગરૂરી તરફ જોતાં આવા બોલો તેઓનાં મ્હોડામાંથી નિકળવા યોગ્યજ હતા પણ ખાલી બોલવું, પુકારવું એ ખરી બેવકુફી ગણાયછે. મ્હોડામાંથી ફોકટનો ધુઓ કાહડવો તે શા કામનો. ખરૂં બળનું કાહાડી બચાવ કરવાની શક્તિ જો જાહેર કીધી તો તે ખરી વાખ્વાખી

પેરિસની અંદર જમા થયલું લશ્કર.

પંચમેળ માણસોથી એકઠું થયલું પેરિસનું આ વેળા લશ્કર હતું. એ ફોજમાં શું લાયકી વાળા યા શું આબરૂદાર તેમજ શું લુચ્ચા યા તોફાની માણસો પણ હતા. તેઓની બડાઇ, તેઓની ખાલી મગરૂરી, તેઓની ડફાંસ એ ખરીજ મુર્ખાઈનાં મોટા સાધણો જણાતાં હતાં, તેઓ ઉપર ભરૂસો રાખી શકાય એવું ન હતું.

જે ખરી ખાતરી ભરેલા શિપાઇઓ હતા તે મોબાલ નામનાં ગાર્ડસ હતા, જેઓ જુદા જુદા પરગણામાંથી આવી મળ્યા હતા. એ લોકો પેરિસનાં રેહેવાશિઓ કરતાં કદમાં ઉંચા, મજબુત, તનદરોસ્ત અને જોરમંદ હતા, એટલુંજ નહી પણ તેઓની નીતિ અને મનની વળાણ ઘણીજ ભલી અને સાબુત હતી. અલબત્તાં જેવો રોબ અને ભપકો એક જર્મન શિપાઇનો મારતો હતો તેવો તો તેઓમાનાં કોઇનો પણ દેખાવ ન હતો. આ પાસેનાં પ્રુશિયન ઘોડેસ્વાર ઉપરથી તેઓનાં કદનો ખરો ચિતાર મગજમાં આવશે. હરીફનાં એવા રાક્ષી કદથી તો તેઓ ઉતરતા હતા પણ તેઓ ચુપ મીજાજનાં, રીતભાત જાળવનારા, હુકમને તાબે અને પોતાનાં શેહેરી જાતભાઇઓની માફક ખોટી બડાઈ મારયા વિના મુગા મુગા પોતાનું કામ બજાવતા અને પોતાની ફરજો મનમાનતી રીતે બજાવી જરા પણ હરખાઇ યા છકી જતા ન હતા. પોતાનાં પોશાકમાં પણ તેઓ ઘણા સાદા હતા. કોઇનો બલુ તો કોઇનો આશમાની, પણ હલકાં કપડાનો પોશાક હતો. ઘેરાનાં પેહેલા દહાડાઓ પરતો તેઓ પેરિસનાં એશકી રેહેવાશીઓનો પેહેલી વારજ પોશાક તથા દમામ જોઇ એકી નજરે ઘુરીઆ કરતા હતા. તેઓનો આવો દેખાવ જોઈ ઠાળા શેહેરીઓ હસતા હતા પણ તેઓની ચાલચલણ ખરીજ વખાણવા જોગ હતી. જે જે કુટુંબોમાં તેઓ રેહેતા હતા તે કુટુંબો તેઓનાં મખમપણાં, સ્વચ્છતા અને સાદી ચાલની બેહદ તારીફ કરેછે. તોપણ તેઓ એ શૂરા ભલા માણસોને ધિક્કારેછે કે તેઓ પણ તેઓની માફક મોજમજાહમાં, ખરાબ છંડમાં કેમ પડતા નથી. તેઓ પણ તેઓની માફક જુઠી બડાઈ કેમ મારતા નથી. તેઓ રાત દહાડો ઉશ્કેરાઈ મારસેલીસનું ગીત કેમ ગાતા નથી. એવું તો બન્યુંજ નથી કે પેરિસનાં રેહેવાશીઓએ પોતાની દફાંસ પ્રમાણે કંઇજ કામ કીધું નહી, એમ નથી. તેઓએ ઘણું કીધું પણ તેઓની કવાયત જરા પણ પાધરી નહી ત્યાંહાં તેઓ શું કરી શકે અને જેઓ અખતીયાર અને સત્તાનો દેખીતો તિરસ્કાર કરે તેઓ કદી પણ કવાયત શિખેજ નહી એમાંતો કસો સંદેહજ નથી. જે શિપાઇઓ હાલહવાલ, કંટાલેલી, બેજાર થયલી, દુખી દરદી અને ફરિયાદ કરતી હાલતમાં મેકમેહોનનાં લશ્કરમાંથી હારથી હારી ખાઈ શેહેરમાં આસરાને માટે આવી ભરાયા હતા તેઓનો દેખાવ જોઈ રેહેવાશી શિપાઇઓ ઘણા નાશિપાસ થઈ ગયા હતા. દરએક માણસની છુટી બાહાદુરી વિષે કોઈબી માણસ સારૂ મત આપી શકે એવું હતું, પણ સામટી રીતે તેઓની કવાયતની એવીતો હાલહવાલી દિસતી હતી કે ગમે એટલી સંખ્યા છતાં તેઓનો ચેહેરો પાર પડેજ નહી. વળી બીજી મોટી બેવકુફી એ થઈ કે જેઓ દુશ્મનનાં



પ્રુશિયન ઘોડેસ્વાર.

ધાકથી બિહી નાહાસી આવી પેં'સમાં ભરાયા હતા તેઓને ખરૂં જોતાં તો લડાઈનાં રેવાજ પ્રમાણે એકદમ ઉરાડી દઈ દસ્ત બેસાડયો હતો, પણ તેમ કરવાને બદલે ટોળાબંધ તેઓને ગુલેલે ગોહોલે ફેરવી નાલિસી લગાડતા હતા. એનો લાભ લઈ શું છોકરાઓ પોતાની મસ્તીમાં કે શું આળસુ પોતાની મશ્કેરીમાં તેઓને ઘણુંજ માઠું લગાડતા, એથી બીજા રેહેવાશીઓનાં મન કચવાતાં. તેઓનાં મનમાં એવો દેખાવ જોતાંજ પોતાની પ્રજાની નાલેસી અને હિચકારાપણા તથા નાતવાનીનો વિચાર આવી જતો અને તેઓનાં હઈડાં તણી રહેવાને બદલે તેઓ પણ સામાં આશા છોડી દઈ નિરાસ થઈ જતા.

ફ્રાન્સના ભુખે મરતાં લોકોને બચાવવાનાં ઉપાય.

પેરિસ એક તરફથી મોટા ઘેરાની સામે થવા માટે પોતાની જોઈતી તૈયારી કરતું હતું અને બીજી તરફથી ઈશાનકોણ તરફનાં પરગણાનાં ખેડુતો ભારી વીપતમાં આવી પડયા હતા. લડાઈની માઠી અસર ઘણી કમકમાટ ઉપજાવે એવી રીતે એ ઠેકાણાંઓ ઉપર પસરી હતી. દુશ્મનોએ ખેતીની અને પાકની ખરાબી કરી નાખી હતી અને જેથી ગરિબ ખેડુતો ભુખે મરતા હતા તે જોઈ ઇંગ્રેજ સરકારે પોતાની તથા જે જે પ્રજા લડાઈમાં કસો ભાગ લીધા વિના બેસી જોયા કરતી હતી તેઓને ઉશ્કેરી આવા પડતા ભુખમારાની મદદ ચાહી. તેઓ સર્વને જણાવવા લાગ્યા કે લડાઈમાં ઘાયલ થયલાની જોઈતી માવજત થઈ ચુકીછે. લડાઈમાં પાયમાલ થયલાને બીજાઓએ નીભાવી લીધાછે. લડાઈમાં મરતાં જાંનો બચાવાને બાહાદુર શુરાઓ વચ્ચે પડયાછે પણ તેથી જે ભારી શંકટ ગરિબ લોકો ઉપર ભુખનુંછે તે ઉપર કોઈ વિચાર પણ કરતું નથી. ફ્રાન્સનાં મુફલિસ અને બીજા લોકો જેનો મોટો ભાગછે તેઓનો મુખ્ય ગુજારો જે ખોરાક યાને જે અનાજ તેઓ પાકવેછે તે ઉપર અને જે ગાય ઢોર તેઓ પાળેછે તેથી થાયછે. પણ જયાંહાં જયાંહાં જર્મનો ફરી વળ્યાછે ત્યાંહાં ત્યાંહાં સગ્નાહ સંપજની વેળા એકઠા કીધેલા માલનું, અનાજનું સત્યાનાશ વાળ્યુંછે. એટલુંજ નહી પણ તેઓનાં ઘેરો, કોઠારો અને વખારો તોપોના ગોળાથી ઉરાડી દીધાંછે. ખેતરો અને મેદાંનો કદાવર ઘોડાનાં ભારી પગે દાબી નાખ્યાંછે. અનાજ યા ઘાસ પાછું ઉગાડવાની શક્તિ તેઓમા રહી નથી. ખોજો લાયવા લાયક બધાં જાનવરો મેંઢાં, બકરાં અને ડુકરો તેઓ પાસથી છિનાવી લીધાંછે. જે માણસો મેહેનતુ હતા તેઓને પકડી જર્મનોએ ઝાડી કાપનારા બનાવ્યાછે. હાલતો ભુખ તેઓ તરફ ડોળા કાહાડી જોયછે પણ આવતા વર્ષમાં મરકી અને દુકાળ એ મોટા વારસા આ ભયંકાર લડાઈ તેઓને બક્ષીસ આપી જવાની. ભુખે મરતાં બાળકો પોતાનાં મા બાપ પાસે રોટલીનાં ટુકડાને સારૂ બુમો મારેછે તે બુમ ખાલી હવામાં સંભળાયછે. ગરિબ વિધવાઓ અને બાપ વિનાનાં છોકરાં જંગલો, ખેતરો અને મેદાનોમાં ફાટી મરણ પામેછે અને તેઓનાં બદનમાંથી રંગીન લોહીનાં જે ઝરા વેહેછે તે ઝરા ઘણો વખત સુધી સુકાવાનાં નથી. એવા અસરકારક બોલોમાં ઉશ્કેરવા ઇંગ્લાંડના તથા અમેરિકાનાં લોકોને અરજી ગઈ હતી. એથી લોકોનાં મન ઉપર એવી મજબુત અસર થઈ કે થોડા વખતમાં કેટલુંક નાણું ભરાઈ ચુકું. ખેડુતોનાં છુટકારાને નામનું એક ફંડ ઉભું થયું જેની મારફતે નજદીક બે લાખ રૂપીઆ ગરિબ ખેડુતોનાં દુખનું તારણ કરવામાં વેહેચવામાં આવ્યા.

રૂશિયાની ફ્રાન્સ તરફ દયા.

અમેરિકા અને બીજી ઘણી જગ્યાઓ પરથી ફ્રાન્સને માટે ખોરાક, પઈસા, કપડાં અને બીજા તરેહવાર આકારમાં મદદ મોકલવામાં આવી. બંને જુની અને નવી દુનિયાનાં લોકો ખરાં માણુસાઈપણાથી ઉશ્કેરાઈ માણસ તરીકેની ફરજ અને મમતા દેખાડવા લાગ્યાં. ફ્રેન્ચ રાજદરબારીઓ વારેઘડીએ એવું ઇચ્છતા હતા કે ફ્રાન્સમાં આટલી બધી ખરાબી થઈછે તે છતાં ઇંગ્લાંડ, ઓસ્ટ્રિયા યા રૂશિયા જેવાં મોટાં રાજયો વચ્ચે આવી કાંઈબી સમજુતી કરાવી વધારે ખરાબી થતી અટકાવશે. પણ ખરેખર રૂશિયાનું આખું દેશ ફ્રાન્સ તરફ ખરીજ દયાથી જોતું હતું. જોકે ઝાર જે રૂશિયાનો જાહોજલાલ શેહેનશાહ તથા રાજદરબારીઓ પ્રુશિયાની બાજુએ હતા તોયપણ લોકો ફ્રાન્સ તરફ જણાતાં હતાં. રૂશિયામાં જે મોટી પ્રજાની ટોળી તે જર્મનોનો કાબુ દરરોજ વધતો જોઈ અદેખી થતી હતી. કારણ કે રૂશિયાનાં નામાંકિત શાહ પીતર ધી ગ્રેટનાં વખતથીજ જર્મની વધવા માંડયું હતું. એ ટોળીએ હાલ એની સામે થઈ ફ્રાન્સને વધારવા, ફ્રાન્સને ઉશ્કેરવાનું દસ્તુર ચાલ્યું. જયારે શાહ નેપોલિયન પડયો ત્યારે એ પ્રજા ટોળી એવું કેહેવા લાગી કે ફ્રાન્સે જે ખમ્યુંછે તે રાજાની અધેર કારકીર્દિને લીધે. એમ કહી તેઓ પોતાના શાહને ચેતવવાની મતલબ પણ રાખતા હતા અને જયારે ફ્રાન્સમાં પ્રજાસત્તાક રાજય સ્થાપેલું સાંભળ્યું ત્યારે એ પ્રજા ટોળીએ રૂશિયામાં દરએક ઠેકાણે ભારી પુકારો કરી મેળી તેને મુબારકબાદી આપી અને હવે પછી સહી ફતેહ ચાહી. લોકો અંબાજમાં રહી જોવા લાગ્યા કે આપણી આ ચાલચલણ કોઈ પ્રુશિયાનો ભેદુ હિયાં રહી જાણે નહી યા તેનો લાભ લઈ જતો રોકે નહી. કારણ કે એવા પ્રુશિયાના બાહોશ જાસુસો દેશદેશ ભેદ જાણી

સેવા ભટકતા હતા, ફ્રાન્સમાં તો તેઓ વારેઘડીએ જણાતા હતા. એક એવા છુપા જાસુસને ફ્રાન્સનાં લોકો જોર જુલમથી પકડેછે તેનો દેખાવ પાસેનાં ચિત્ર ઉપરથી સાફ જાહેર થાયછે. ત્યારે એવા જાસુસોની સંભાળમાં રૂશિયાનાં લોકો પણ હતા, એ લોકોની ટોળીનું મુખ્ય મથક મોસ્કો જે રૂશિયાનું જાહોજલાલ પાયતખ્ત શેહેરછે. હવે એ શેહેર ફ્રાન્સની એટલી બધી તરફદારી કરતું હતું કે જે ક્રિમ્યાની લડાઈ થઇ અને જેમાં ફ્રાન્સે મોટી બાહાદુરી કરી રૂશિયનોને હાર આપી તેનાં બાબમાં એ શેહેર એવો બચાવ કરેછે કે એ કાંઈ ફ્રાન્સે આપણી સામે લડાઈ ઉઠાવી હતી નહી પણ ઇંગ્લાંડે; જે હમેશાં આપણી વચ્ચે આવેછે અને જે સદા આપણા ખરા લાભ જોઈ શકતું નથી. આવી ટોળીની દરકાર ન કરતાં દરએક ઠેકાણે ફતેહ પામેલું જર્મની અને દરએક રાજવાળા તરફથી સાબાસી પામેલું પ્રુશિયા બેધડક પોતાની મરજી મુઆફક કામ કર્યુંજ ગયું. એન નદી જે ઇશાનખુણા તરફ આવેલીછે અને જેનાં ઉપર જાણીતું થયેલું શેહેર સ્વાસોન ઉભુંછે તેને જર્મનોએ ઘેરો નાખ્યો, અને ઘણા દહાડાની છુકર ભરેલી મારામારીથી તે લઈ લીધું.

પ્રખ્યાત શેહેર મેટઝ.

આ જબરદસ્ત કિલ્લાવાળા શેહેર તરફ આપણે પાછી નજર હાલ ફરીથી ફેરવ્યે. તારીખ ૩૧ મી આગસ્ટે અને સીડનની લડાઈનાં દહાડાપર એ શેહેરમાંથી જર્મનો ઉપર જે હુમલા ફ્રેન્ચોએ કીધા અને તેમાં જબર માર ખાઈ તેઓને પાછા હઠવાની ફરજ પડી તે ઉપરથી એ બાહદુર ફ્રેન્ચ ફોજની આશાનુ ચમકતું વાદળ જરા જરા કાળુ થવા લાગ્યું, તોયપણ હિમ્મત અને ઠરાવનાં વરસાદનો મોટો જથો તેઓનાં વાદળાંરૂપી આકાશમાં ભરેલો હતો. શેહેરની મજબુત હાલતનો કસો પાર ન હતો. હજારો લડાઇઓ હિયાં થઇ હતી તે છતાં "કન્યા શેહેર મેટઝ" એવે નામે એ ઓળખાતું હતું તેનું કારણ એકે કોઇબી લુટારાએ યા હરીફે એને જોરજુલમ કરી લીધું નહી હતું, માતર એક વેળા ૧૫૫૨ માં દગાઇથી મોન મોરંનસી નામનાં એક જર્મન ઉમરાવે લીધું હતું. પણ તરત પાછું લઈ લેઈ ફ્રાન્સે આજ સુધી યાને ૧૮૭૦ સુધી પોતાનાં તાબામાં બચાવી રાખ્યું હતું. એનાં નવ દરવાજાછે. એક કોટછે જેની આસપાસ નદી ફરી વળીછે. એ કોટનાં કેટલાક મજબુત કિલ્લાઓછે. એનાં સતર પુલોછે. એક ઉંચી જગ્યા ઉપર મોટું દારૂગોળાનું કારખાનુંછે. ફ્રાન્સનાં રાજા ચઉદમાં લુઇએ બંધાવેલી એક મોટી શિપાઈઓની ખાવજતની જગ્યા યાને ઇસ્પીતાલછે." અને એ શેહેરનાં લોકો પોતાની ખરાકો, હથિયારો રાખવાની મોટી જગ્યાઓ, તેઓનું મો અને પુરાનું દેવળ અને તેઓની ઘણીક નામાંકિત બાંધણીઓ સાથે ખરેખરાં મગરૂરછે. એ શેહેરમાં તારીખ ૧૪ મી, ૧૬ મી અને ૧૮ મી આગસ્ટની મોટી મારામારી પછી ઘાયલ થયલાં ધાર વિનાંનાં દરદીઓનો જમાવ થયો હતો. તેઓ એટલા વધી ગયા હતા કે કદાચજ તેઓને સગવડથી રાખી શકાય. ઇસ્પીટાલોમાં, બરાકોમાં, જાહેર ઇમારતોમાં, મોહોટખાનાઓમાં, ખાનગી કુટુંબોમાં અને જગે જગે રાખતાં પણ તેઓનો સમાવ થતો નહી હતો. તંબુઓ મારી મેદાનોમાં લોકોને રાખ્યાં હતાં અને આવી કલાપીતમાં ગંધ મારતી દરદની બદબો સાથે લડાઇનાં ખુન્નસ સાથ અજબ તહરાંની હિમ્મત અને માયાથી શેહેરની ઓરતો દરદીઓની માહવજત કરતી હતી. લોકોની મોટી આશા એ હતી કે થોડા વખતમાં મોટાં લશ્કર સાથ મેકમેહોન આવી પોહોચશે અને દુશ્મનોને હઠાવી આપણને છોડવશે. એવી આશામાં ને આશામાં પ્રુશિયનોનાં તોપનાં મારાનો લોકો પોતાનાં ઘેરાપર વીમો ઉતરાવતાં હતાં અને ઘણીક વીમાની ટોળીઓ ઉભી થઇ કમાઇ લઈ બેસવા ધારતી હતી, પણ એ કામ ચાલ્યું નહી. એમ થવાથી રાજને ખોટ લાગશે એવું ધારી એ ગોઠવણ પડતી મુકી. પણ એ પરથી જણાયછે કે ત્હિંઆનાં લોકો કાંમકાજના માણસો અને સાહસિક હોવાં જોઇએ. સપ્ટેંબરની શરૂઆતમાં જે હાર શેહેરનાં શિપાઇઓ ખાઈ પાછા હઠ્યા ત્યારપછી તેઓનો મામલો બગડતોજ ગયો. સરદારોમાં લાંબી પોહોચ નહી માલુમ પડી, તે સાથ શિપાઇઓની હિમ્મત અને દિલ તુટી ગયાં અને વળી રાજ દરબારીઓ તરેહવાર કાવતરાં ચલાવવા લાગ્યા. આવું થવાથી બાઝેન જે વડો સરદાર હતો તેણે ચુપકીદીથી બેસી રહેવાની હાજત પકડી તે ડાહપણ ભરેલી યા પ્રમાણીક ગણાયછે તોપણ ઘણી બાબતો ઉપરથી બાઝેનની ચાલ ચલણ ઉપર શક પેદા થાયછે. સપ્ટેંબરની અંદર પેહલા દહાડાપરજ શેહેરનો મામલો ખરાબ થયલો જણાયો. કાંઇબી સરવ વિનાં જર્મનોનાં બે અમલદારો અને નજદીક સારીસાતસો શિપાઇઓ જે મેટઝમાં કેદ હતા તેઓને છોડી દીધા તેથી એવું જાહેર થયું કે શેહેરમાં ખોરાક ખુટવા માંડયોછે. તેજ બંધવાઓ છુટીઆ પછી પોતાનાં લોકોને જણાવવા લાગ્યા કે નજદીક વીસથી તીસ હજાર શુઆલો શેહેરમાં બંધવાછે. શેહેરમાં શિપાઇઓની સંખ્યા ૨૦,૦૦૦ ગાર્ડસ મોબાઇલો સુધાં એક લાખ વીસ હજારનીછે અને શેહેરની રૈયત સર્વ ગણતાં બધાં મળી શેહેરમાં બે લાખ માણસોછે. આટલા બધાં લોકોને માટે પુરતો ખોરાક હોય એ બની શકે એવું નથી. વળી પીવાનું પાણી જે એક બાજુની ટેકડી ઉપરથી લોઢાંની નળીની મારફતે શેહેરમાં લેતા હતા તે જર્મનોએ બંધ



એક પ્રુશિયન જાસુસ પકડાયો.



કરી નાખ્યું હતું, અને તેથી વળી જે શેહેરમાં ગલીચી પેદા થવી જોઇએ તે પણ ભય ભરેલી લાગે ખરી. મુએલા ઘોડાનાં શરીરો ગંધ મારતાં પડેલાં તથા દરદીઓની માવજતને માટે જોઈતાં માણસોની તંગી એ સર્વ ખરાબીની નીશાણી હતી. તોપણ દરએક બાજુથી બનતી સંભાલ રાખવાને મજબુત બચાવ કરી રાખ્યો હતો.

મારશલ બાઝેનની ચાલચલણ.

મેટઝ લાંબો વખત સુધી ચુપકીદીથી તકાવી રાખવાનું શું કારણ હશે તે વિષે જૂદા જૂદા અને એક બીજાથી ઉલટા હેવાલો મળ્યાછે. કોઈ કેહેછે કે તેણે એક પ્રુશિયન સરદારની હજુર એવું જણાવ્યું કે આ શેહેર અને એ માહેલું લશ્કર હું માત્ર શાહ નેપોલિયનને માટે જાળવી રાખુંછું; મને પ્રજાસત્તાક રાજ્ય સાથ દરકાર નથી અને તે રાજ્યને હું કબુલ કરતો નથી. વળી કોઇ એવું જણાવેછે કે એણે એવું જાહેર કર્યુંછે કે હું કંઇ શાહનો મારશલ નથી પણ મારા દેશને માટે મારેતો મારાં દેશની સેવા બજાવવીછે. એક જર્મન પત્ર વાળો લખેછે કે બાઝેન તેની હજુર શાહને માટે ધિક્કારથી બોલતો હતો; અને તે જ્યાંહાંસુધી ભારી ભુખમારાથી કંટાલશે ત્યાંહાંસુધી કદી તાબે થવાનો નથી. કારણ કે એ માણસ ચાલચલણમાં ખરા ગૃહસ્થથી ઉલટો, ચીરડાઉ અને લોભી માણસછે. મેકમેહોન જે રૂડા અને અમીરી ખવાસનો, અપક્ષપાત, પરસ્વાર્થીછે તેથી તદન એ બાઝેન ઉલટોછે. વળી મેકમેહોનતો ખરોજ શૂરો અને શિપાઈ બચ્ચોછે પણ આતો કોઇ હલકા ખવાસનો જણાયછે. એણે તો પેહેલાં એક હલકા પરગમ વગાડનાર તરીકે લશ્કરમાં નોકરી કીધીછે પણ પોતાના દગાવ ભરેલા મનથી અને ચાલાકીથીજ માત્ર વધ્યોછે. એની એવી મરજીછે કે ફ્રાન્સમાં યાતો હું દીકતેટર બનુ યાતો શાહ થાઉં અને જો તેટલા માટે મેટઝને બાહદુરીથી બચાવી રાખશતો મારૂં કાંઈ વળશે. જ્યારે તેને ખબર કરવામાં આવી કે નેપોલિયન તાબે થયો ત્યારે તે બોલ્યો કે એવા નેપોલિયન જેવા સાથ મને શું લાગતું વલગતુંછે? હું એકલોજ મેટઝનો ધણીછું અને હું કદી એને તાબે આપનાર નથી, કદાચ અંતે દુકાળ એવું કરવાની ફરજ પાડે તો બને. આટલું બધુ શાહની વીરૂધ બોલવા છતાં, ઘણાંની ખાતરી હતી કે તે શેહનશાહત તરફથી કામ કર્યો જાયછે. એ સરદારની પોતાની ચાલ એવી ભેદ ભરેલી અને કાવતરાંખોર જણાઇછે કે કેઈ બાજુએ એ ઢળેલો હતો તે કોઇથી પણ ખાતરીથી કેહેવાઈ શકાતું નહી હતું. જર્મન બાહાદુર સરદાર જનરલ વોન ગ્રેબો કે જેનું બાહાદુરી ભરેલું ચિત્ર હિયાં ખીરાજેછે તેણે "વોઓ"નું જંગલ સ્પિચેરનની લડાઇ થયા પછી બીજે દાહાડે હાથ કીધું હતું. તે ખાતરી ભરેલી રીતે જણાવેછે કે જો બાઝેન ચાહતેતો ખામુખા મેટઝમાંજ આવી આવી રીતે જપત નહી થતે, અને વળી મેટઝનાં લોકોજ માનેછે કે જો બાઝેને ઠરાવથીજ ચાહ્યું હતેતો તે શેહેર બાહાર નીકળી ગયો હતે. એ ઉપરથી તથા ૧ લી સપ્ટેંબરે ફ્રેન્ચોએ એ શેહેરમાંથી કીધેલા કેટલીક રીતે ફતેહમંદી ભરેલા હુમલાનો ખરો અને વખતસર લાભ નહી લીધાથી પોતાની ચાલ વિષે બાઝેને બીજાઓમાં શક પેદા કીધોછે. શેહેરને ઘેરો ઘાલવા પછી બાઝેન જાહેરમાં, લશ્કરમાં, છાવણીમાં, ઇસ્પીટાલમાં યા મોહોલાઓમાં ફરતો જણાતોજ નહી હતો; પણ હમેશ છુપો રેહેતો હતો જે બીનાથીજ લશ્કરનાં શિપાઇઓ એના તરફ બેદિલ થાય તેમાં નવાઇ જેવું નથી. કેસલમાં જ્યારે એ બંધવો થયો અને જ્યારે એણે પોતાનું ખોલલું મત જણાવ્યું ત્યારે એની ચાલચલણ ઉપર વધારે ખાતરીથી કોઈબી મત આપવા શક્તીવાન થાયછે. બાઝેને ત્યાંહાં એવું જણાવ્યુંછે કે "હું શાહને અને તેના રાજને ગંભીર સોગનથી બંધાયલોછું. શાહ પોતે બંદીવાનછે પણ તેની મરામત હજુર ચાલુછે માટે જ્યાંહાંસુધી હું તથા મારા દોસ્તો શાહની હજુર તેને આપેલા સોગન કાહાડી નહી નાખ્યે ત્યાંહાં સુધી હમો કોઈબી બીજી સરકારને બાહલ રાખતા નથી. હું મારા લશ્કર સાથ કુચ કરી જવાની દરખાસ્ત કરૂછું અને તેમ કરતાં એવું જણાઉંછું કે હું લડાઈ ઉઠાવા યા આગલ ચલાવા નથી માગતો પણ શેહેરનાં બડાઇખોર અને આળસુ લોકોને વીખરી નાખી દાબી નાખવા હું જવા માગુછું. જો હું ભુખમરાથી તાબે થયો ન હતેતો જે દહાડે મેં જાણ્યું કે પ્રજાસત્તાક રાજ્ય નથી પણ એતો સાધારણ લોકો પેરિસ, લાયોન અને મારસેલ્સમાં રાજ ચલાવેછે કે લશ્કરને તેઓથી મોટું અપમાન પોંહોચ્યુંછે અને જે લોકોની યાદદાસ્તને માન આપવું જોઇએ તેઓ ઉપર ધિક્કારનાં સુખનો ઓચરાયાછે તેજ દહાડે હું એવા ફેરફારોની સામે થવાનો સંધિસો પેરિસનાં રાજદરબારીઓ સાથ ચલાવતે. પણ માત્ર ભુખ અને ભયંકાર ભુખેજ મને શરણ થવાની ફરજ પાડીછે." બાઝેન શાહને સારૂ, પ્રજાસત્તાક રાજ્યને સારૂ, પોતાનાં દેશનાં છુટકારાને સારૂ, પોતાની લોભી મતલબો પુરી પાડવા સારૂ યા મેકમેહોન તરફ અદેખો થઇને આ સરદારી ભોગવતો હતો તેમાંનું એક પણ કારણ આપણ ખાતરીથી તો આપી શકશુંજ નહી. તોપણ એટલું તો નક્કીછે કે એ પ્રજાસત્તાક રાજ્યને માટે હીમાયત થઇ લડયોજ નથી. લોકો કેહેછે કે રાણી યુજીની અને બાઝેન વચ્ચે તરેહવાર સંધિસા ચાલ્યાછે.

એક અજબ બીના.

આ નીચલી વાત ઉપરથી બાઝેનની ચાલચલણ ઉપર થોડું ઘણું ખાતરી ભરેલું મત લોકો આપવા લાગ્યાં હતાં. એવું કેહેછે કે સપ્ટેમ્બર મહિનાનાં વચલા દહાડાપર કોઈ મોનસ્યુર "એમ" નામનો શખ્સ ઇંગ્લાંડ મધે હેસ્ટીંગ્સ નામની જગ્યા જ્યાંહાં રાણી યુજીની રેહેતી હતી ત્યાંહાં આવી લાગ્યો અને રાણીની મુલાકાત ચાહી. પણ તેનું નામ તેણે જાહેર નહી કીધું તેથી રાણીએ તેની મુલાકાત લીધી નહી. એ ઉપરથી એક દહાડે શાહાજાદો ફરતો હતો ત્યાંહાં પેલા નનામા શખ્સે તેની મુલાકાત લીધી, તેને મીઠા બોલોથી સમજાવ્યું કે હું શાહ નેપોલિયનનો ખરો ખેરખાહ ને બચાવ કરનારછું. હું તેને માટે જીવ આપવા તૈયારછું, એવું ઉથલ પાથલ સમજાવી શાહજાદા પાસથી તેની સહી સુધાનો એક તેનો ફોટોગરાફ માગી લીધો. એ લેતાંજ હેસ્ટીંગ્સમાંથી તે શખ્સ ગુમ થઇ ગયો. તે તરત મેટ્ઝ આગળ જર્મન લશ્કર પડેલું હતું ત્યાંહાં જઇ લાગ્યો અને પરવાનો લઈ શેહેરમાં વગર અડચણે દાખલ થયો. ત્યાંહાં આવતાંજ "જનરલ બા" નામના એક વડા ફ્રેન્ચ સરદારને તે કેહેવા લાગ્યો કે હું રાણી યુજીની પાસથી અગત્યનાં કામસર હિયાં આવ્યોછું અને નીશાણુ દાખલ આ શાહાજાદાની પોતાની સહી સુધાનો ફોટોગરાફ દેખાડ્યો. તે કેહેવા લાગ્યો કે રાણી તરતજ ઇંગ્લાંડમાં જનરલ "બા" ને બોલાવેછે. તેણીને તેને એક ચોક્કસ જરૂરનું કામ સોંપવાનુંછે કે જે ઉપર લડાઈનું આગળ વધવું ના ભવીશ્ય આધાર રાખેછે, એ કામ લખીને તે જણાવતી નથી તેનું કારણ એછે કે તે દસ્તાવેજ કદાચ દુશ્મનનાં હાથમાં જાતો માઠું થાય. એ સાંભળતાંજ પેલો જનરલ તરત જર્મન લશ્કરમાંથી સલામતી સાથ પસાર થઇ ઇંગ્લાંડ જઇ પોહોંચ્યો. તે એવું ધારતો હતો કે હું કેટલી મેહનતે દુશ્મનોની નજર ચુકાવીને આવ્યોછું; પણ



જનરલ બુરબાકી.

તેને સેહેલો માર્ગ આપી જવા દેવામાં જર્મનોની મુખ્ય મતલબ હતી. તે જેવો ઇંગ્લાંડ આવ્યો તેવોજ ચીઝલહર્સ્ટમાં રાણી યુજીનીને મળવા ગયો અને ત્યાંહાં જતાંજ તેને માલુમ પડ્યું કે રાણીતો એ વિષે કંઈ જાણતી નહી હતી. તેને જણાયું કે તે મેટ્ઝનો મોટો બચાવ કરનાર ગણાતો હતો તેથી તેને શેહેર બાહર કહડાવવાની જર્મનોની આ એક ઠગાઈ ભરેલી યુક્તિ હતી. કદાચ આવી ઠગાઈ રમનારા પ્રુશિયનો હોય પણ તેઓ જનરલ બાથી દરીને એવું કરે એ મનાઈ શકાતું નથી. એનો ખુલાસો નીચે પ્રમાણે લંડન ટાઇમ્સ વાળો કરેછે. તે કેહેછે કે "જનરલ બા" તે ખરેખર જનરલ બુરબાકી કે જે બાદશાહી ગાર્ડનો મેટ્ઝમાં વડો હતો અને જેનું ચિત્ર હિયાં બારાજનું કીધુંછે. કેટલાકોએ એવું ધારયું કે એ જનરલને જો રાણીની મુલાકાત કરાવશુંતો રાણીની મોટી નોકરી આપણે બજાવી એમ કેહેવાશે. એવું ધારી આ ચાલાક યુક્તિ કીધી અને તે યુક્તિથી કદાચ જર્મન લશ્કર કે જેમાંથી એ પસાર થયો તે અનજાણ પણ હોય. બુરબાકીને આ ઠગાઈ માલુમ પડતાંજ પોતાની ચાલનો અને આ ઠગાઇનો ખરેખરો ખુલાસો જણાવ્યો જે વાંચતાંજ પ્રુશિયાનાં શાહે શેહેનશાહાજાદા ફ્રેડરિક ચાર્લસને હોકમ મોકલ્યો કે કંઈ પણ હરકત વિના એ બુરબાકીને પાછો મેટ્ઝમાં જવા દેવો અને પોતાની સરદારી લેવા દેવી અને મેટ્ઝનો જોઇતો બચાવ કરવા દેવો. આવું થવાથી તે મેટ્ઝ આગળ પાછો જઈ શક્યો પણ ત્યાં લાંબો વખત રહ્યો નહી. તરત તેણે પોતાની નોકરી પ્રજાસત્તાક રાજ્યને આપી અને તુર શેહેરમાં ગયો. વળી કોઇ એવું જણાવેછે કે જે ધણી રાણી પાસે આયો હતો તે જનરલ બોયર હતો. એને બાઝેને રાણી યુજીની પાસ મોકલ્યો હતો કે કેવી તરહની સલાહ સંપજનાં કોલકરાર પ્રુશિયાનાં રાજા આગળ મુકવા તે જણાવવું. પણ રાણીએ તેની મુલાકાત લીધીજ નહી. એવીજ તરહનાં કોલકરાર

લઇને રાજા વિલ્યમનો માણસ પણ રાણી પાસે આવ્યો હતો. રાજા વિલ્યમે કેહેવાડ્યું હતું કે ૨૫,૦૦૦ ફ્રેન્ચ રેહેવાશીઓ ખાસખર્ચ સાથે તેને આપે તો તે સંતોષ પામે. આ સાંભળી રાણીએ જણાવ્યું હતું કે જયાંહાં સુધી એક પણ જર્મન સિપાઇ ફ્રાન્સમાંછે અને જયાંહાં સુધી જરા પણ ફ્રાન્સનો ભાગ આપી દેવાની વાત આવેછે ત્યાંહાંસુધી કોલકરાર કરવાની મને કસી સત્તા નથી. એજ પ્રમાણે જનરલ બાયરની જો માર્શલ બાઝેન તરફથી કંઇ સૂચના લેવા આવ્યો હોયતો તે સાફ ના પાડી હોય ખરી. વળી શાહ નેપોલિયનનો પીત્રાઇ ભાઇ જે શાહાજાદા નેપોલિયનને નામે ઓળખાતો હતો તેણે આવીને યુજીનીની મુલાકાત લીધી હતી, તેથી ફ્રાન્સને તથા હરીફોને ઘડીભર એવો શક જાય કે રાણી બધાઓની સાથે મસલતમાં સામેલ થઇ કંઇ ફેરફાર કરવા ઇચ્છેછે; પણ રાણીએ જાહેરાંત ઓબલે એટલું જણાવ્યું કે જનરલ બુરબાકી તથા બાયર તથા શાહાજાદો નેપોલિયન એકાએક તેણીની મુલાકાતે આવી લાગ્યા હતા અને તેઓ સાથ રાજ બાબે મસલત જેવું તો તેણીએ કીધુંજ નથી. વળી આટલું તો સર્વ જાણતું હતું કે શાહાજાદો નેપોલિયનતો અસલથીજ શાહ નેપોલિયનનો કટ્ટો દુશ્મન હતો, માટે એ ઘણી આવી વેળા જે તેને તો ઘણી મીઠી લાગતી જોઇએ તે વખતમાં રાણીને મદદ કરવા આવે એતો બનેજ નહી. તોપણ રાણીની છેલ્લી મુલાકાત ચીસલહર્સ્ટમાં લેતાં ડાહ્યો થઇ શાહજાદો નેપોલિયન જાણે પોતાના કાકાના છોકરા શાહ નેપોલિયનની તરફમાં બોલતો હોય તેમ તે રાણીને કેહેવા લાગ્યો કે શેહેનશાહત પડી ભાગ્યું તેની આગળ થોડા મહિનાં જે પ્રધાનોની ટોળી હતી તે પ્રધાનો બધા મુર્ખાઓ હતા. રાણી આવા બેઇમાની ભરેલા બોલો પોતાના નિમકહલાલ પ્રધાનોને માટે સાંખી શકી નહી તેથી તે બોલી કે "તમો મુર્ખાની પ્રધાન ટોળી કહી શું કેહેવા માગોછો તે હું જાણી શકતી નથી; તોપણ જેટલું હું જાણુંછું તેટલા ઉપરથી એવું કહી શકુંછું કે તેઓએ છેલ્લી ઘડી સુધી ઘણીજ ઇમાનદારીથી શાહની નોકરી બજાવીછે. ગયા અઢાર વર્ષ થયાં તમોજ શાહની મજબૂત સામે થતા આવ્યાછો. તમો અને તમારા લગતા વળગતાઓએ શેહનશાહતનો પાયો ધસાવવાને જરા પણ આંચકો ખાધી નથી અને આજે જયારે શાહ પડી ભાગેછે ત્યારે પણ તમો તેનો પીછો છોડતા નથી. જો તારીખ ૪ થી સપ્ટેંબરે તમો પેરિસમાં હોતતો તમો જરૂર સારી સલાહ આપવાને હમોને શક્તિવાન થતે પણ જેમ તમો હમેશા ભયની વેળા દૂર નાહાસોછો તેમ તમે તે વેળાતો હાજરજ નહી હતા. અલબત હું જરાબી શક વિના જાહેર કરુંછું કે તેથી તમો ઘણાંજ દલગીર હશો, આવું સાંભળતાંજ તરત શાહાજાદો નેપોલિયન પોતાની ટોપી લઇ ચાલતો થયો.

પ્રકરણ ૧૭ મું.

મેત્ઝમા અને તેની આસપાસ પડેલું ફ્રેન્ચ લશ્કર—જર્મન લશ્કરની ગોઠવણ—મેત્ઝના કિલ્લાની રચના અને જર્મનોની વખત ગુજારવાની રીત—જર્મનોના ખોરાકના ગાડાં પકડાઈ ગયાં—સીડનની હારની પેરિસમાં ખબર—મેત્ઝનો બહાર પડેલા જર્મનોનું શું બળ હતું—એક ઘાયલ થયેલા સિપાઇનું અસરકારક બયાન.

મેત્ઝમાં અને તેની આસપાસ પડેલું ફ્રેન્ચ લશ્કર.

ફ્રાન્સનાં લશ્કરનો મોટો, કમાવેલો અને જાણીતો ભાગ જે છુટાં મેદાનોમાં ફરતો રહી ફ્રાન્સના છુટકારાને માટે હર પળે મદદ કરવા લાયક હતો તેતો ઢચકારાઓની માફક મેત્ઝ જેવા જબરદસ્ત કિલ્લાની પનાહ પકડી બેઠો હતો. એ ભારી કિલ્લાના કેટલાક કોટની નીચે અને એ શેહેરની આસપાસનાં કેટલાંક ગામડાંઓમાં બધું મળી આશરે ૧૮૦,૦૦૦ માણસનું લશ્કર હતું અને તેઓએ એવું મથક કીધું હતું કે તેઓ ઉપર હુમલો કરવો એ સેહેલું કામ નથી એવું બાહોશ લડાયક સરદારોએ જણાવ્યું હતું. એ ઉપરથી મેત્ઝને ઘેરો નાખી પડેલાં મોટાં જર્મન લશ્કરને પ્રુશિયાના રાજાએ હોકમ કીધો હતો કે તેઓએ હરગીજ હુમલો કરી દુશ્મનોને આજેજ કરવાની તજવીજ કરવીજ નહી; પણ શેહેરમાં દુકાળ પડવાની વાત જોતા બેસવું અને ભુખમરો ખમતાં લોકો અને સિપાઇઓને તંગાસથીજ આજેજ કરવા. અર્ધો સપ્ટેંબર મહિનો પસાર થયો ત્યાંહાંસુધી તો બાઝેનનાં સિપાઇઓ પોતાના ઘોડાનાં માંસ ઉપર ગુજરો કરતા હતા. પોતાના ઘોડાઓને જબે કરતાં શેહેરની બહારથી દૂરબિનની મારફતે ઉંચા થાંભાપર ચડી જર્મનો જોતા હતા. એમ જોવાની કેવી તાલ જર્મનોએ શોધી કાહાડી હતી તે પાસેનાં ચિત્ર ઉપરથી માલુમ પડેછે. અલબત્તાં એવું જયારે તે લોકોએ જોયું ત્યારે તેઓની ખાતરી થવા લાગી કે શેહેરનો ખોરાક ખુટેછે. વળી તેઓએ ધાર્યું કે હવે ફ્રેન્ચો શેહેરમાંથી ઘણા હુમલા કરવાને શક્તિવાન થશે નહી, કારણ કે એવા હુમલા કર-



જર્મન છાવણીમાંથી દુશ્મનના લશ્કરની ખબર મેળવેછે.

ખાને ઘોડેસ્વાર લશ્કરની જરૂર પડેછે અને ઘોડાઓનો તો દરરોજ ખોરાકને માટે ખાવો ખાણુ વપરાયછે. જેથી ઘોડેસ્વારો પણ પાયદળ થઈ જાયછે. છેલ્લે સુધી એ જબરદસ્ત કિલ્લાને ટકાવી રાખવો એતો ફ્રેન્ચોને દૃઢ ઠરાવ હતો. એવા હેતુથી તેઓએ પોતાના તમામ જબરા કોટો છતાં માટીનાં મજબૂત બાંધકામો તેની હજુર ઉભાં કીધાં હતાં. તેઓ મોસેલ નદી જે બાજુએથી વહેતી હતી તેમાં બાટલીઓ તરતી મુકી દેતા હતા. એ બાટલીઓમાં પોતાની ખોટી હાલત જણાવવાને ભુલ ભરેલા દસ્તાવેજો બંધ કરતા હતા અને એ દસ્તાવેજો જર્મનોના હાથમાં આવવાથી તેઓ પહેલાં તો વારેઘડીએ ઠગાયા કીધા પણ પાછળથી તેઓની બુદ્ધ ઉંઘડી કે તેઓને ભુલાવામાં નાખવા સારૂ આ ફ્રેન્ચોની તાલછે. વળી થોડે થોડે વારે છત ઉપર આવી શેહેરની અંદરથી તેઓ ધમાકો કરતા હતા કે કોઈપણ રીતે બહારના હરીફને દૂર કરવો; પણ જર્મનો એથી વધારે સાવચેત રહી વધારે નજદીક આવતા હતા.

જર્મન લશ્કરની ગોઠવણ.

જે હરીફનું લશ્કર ઘેરો નાખી પડ્યું હતું તેણે સપ્ટેંબરની આખરીએ પોતાની તમામ ફોજને ચાર મજબૂત હારમાં વહેંચી નાખી જેથી આખા શેહેરના કોઈપણ ભાગ ઉપરથી ધસારો કરી ફતેહ પામવાની ફ્રેન્ચોને આશા રહી નહી. ફોજની સાતમી ટુકડી મોસેલ નદીની પૂર્વનાં મેગની, પેલ્લાર અને મરસી લે હોટ નામના ગામડાંની સંભાળમાં રહી હતી. એ ફોજની ન્હાની ટુકડીને દરએક બાબતની ખબર આપવા સારૂ થોડાક પેરેગીરો અને ખાલ્લાં મેદાનોની હદ તપાસનારા ગાર્ડઝને દૂરથી રાખ્યા હતા. દરેએક લશ્કરની ટોળીને સંભાળવા યા કોઈપણ ગામડાંની યા જંગલની યા મેદાનની હદ તપાસવા સારૂ પેરેગીરો હર ઠેકાણે રાખવામાં આવેછે. પાસેનાં ચિત્ર ઉપરથી જણાશે કે એક ફ્રેન્ચ સિપાઈ એવી ચોકી ઉપર ઉભોછે જેની સામે બેધડક એક પ્રુશિયન હલાન્સ ઘોડેસ્વાર થઈ આવેછે, જેને પેલો પેરેગીર અટકાવવા જાયછે તેઓ પેલો હલાન્સ પોતાનો છડીદાર ભાલો તેની સામે ધરેછે અને ઘોડા દપટાવેછે કે યાતો તે પેરેગીર ખાસી જઈ તેને માર્ગ આપે યાતો તેના ભાલાથી વિંધાઈ જમીનદોસ્ત થાય. હવે જર્મન ફોજની બીજી હાર ઉત્તર તરફ લંબાવી હતી તેની દેખરેખમાં ઓજી, ફ્લેનવીલ, વીલોનર્ફ, સાચ્ચ અને સેન્ટ બાર્બ નામનાં ગામડાં હતાં અને પહેલી હાર ક્યાની,



જનરલ મેનસ્ફીલ.



એક જર્મન ઘોડેસ્વાર ફ્રેન્ચ પેહેરેગીરને ભાલાથી વીંધી નાખેછે.

માન્તોય, ન્વાસેવીલ સેવીગની અને ફ્રેઇનાં ગાંમડાઓમાં હતી. એ બંને હારોની વચ્ચે એક માઈલનો માવ તફાવત હતો અને પેહલી હારતો કોટની ઉપર ગોઠવેલી તોપોના મારાના સપાટામાં આવી પડે એવી રીતે ગોઠવાયલી હતી. જનરલ વોન મેનત્યુફેલ જેનું ચિત્ર અહિંયાં આપેલુંછે તેના હાથ તળે લશ્કરની પેહેલી મોટી ટુકડી હતી. આખું જર્મન લશ્કર કે જેની સંખ્યા નજદીક બે લાખ માણસોની હતી તે રાજા ઉલિયમના ભત્રીજા પ્રિન્સ ફ્રેડરીક ચાર્લ્સનાં હાથ હેઠલ હતું.


મેન્ઝનાં કિલ્લાની રચના અને જર્મનોની વખત ગુજારવાની રીત.

આવી મોટી જર્મન ફોજ આગળ ઘણો વાર સુધી ટકી રેહેવા સારૂ મેત્ઝનું બાંધકામ કંઈ ઓછું ન હતું. મેત્ઝ શેહેરનો મોટો ભાગ મોઝલ નદીની શાખાની પૂર્વ બાજુએ આવેલોછે કે જે શાખા સર્પનાં આકારમાં વલી બીજી શાખાઓ સાથ મળી જતાં ઈશાનખુણા તરફ શેમબીયર અને નૈરૂત્યકોણ તરફ સોલી અને સીમફોરયન નામના ન્હાના ટાપુઓ બનાવેછે. એ મેત્ઝની બાજુએ આવેલાં બંને ટાપુઓમાં શેમબીયર મોટામાં મોટું અને સોલી ન્હાનામાં ન્હાનું ટાપુછે અને શેમબીયર મેટ્ઝનાં એક મોટાં પરાથી થોડું ઘણું ઢંકાયલુંછે. અંદરની મરામત વળી એવીછે કે જે મેત્ઝ શેહેરની બધી બાજુએથી ઘેરી લેછે. એકજ જગ્યાએ દક્ષિણ તરફ એક બાંધોછે અને જે બાંધો મોસેલ નદીની જે સાથ શેમબીયર અને સોલીનાં ટાપુઓને વહેંચી નાખેછે તેથી ઢંકાયલોછે. એ રીતે જોતાં ઘણાક કોટો મેત્ઝને અંદરની બાજુએથી ઘેરી લેછે. વળી એ કોટો બાકી જોવાના ન હતા પણ લડાઈ વેળા ઘણો સરસ બચાવ થઇ શકે એવી રીતે હથિયારોથી ભરેલા હતા. હવે એવા મજબૂત બચાવ સાથ જો દુકાળે પોતાનું કાળું મોહોડું નહી દેખાડયું હતે તો મેટ્ઝ કદીબી શરણ થતે નહી. આવો મામલો જોઇ પ્રુશિયનો ધીરેથી તપાસતા બેઠા હતા. કોઈ કોઈ વેળા થોડા ગોળા છોડતા હતા અને અંદરથી થતા ફ્રેન્ચોનાં હુમલાઓ હઠાવી દેતા હતા. તેઓ ઘણી મોજમાં દહાડા ગુજારતા હતા. વખત જેમ તેમ ગુજારવા અમલદારો તથા શિપાઇઓ તરેહવાર ઢોંગ ચલાવતા હતા, તોપણ થોડી થોડી કવાયત તથા અભ્યાસ લશ્કરી સરંજામની

સંભાળ તેઓ થોડ થોડ દહાડે લેતા હતા. સવારના કવાયત લેતા, પછી નાસ્તો ખાતા, પછી એકબીજાને મળવામાં અને બીર પીવામાં વખત કાહાડતા. તારપછી વાંચતા અને પોતાનાં કુટુંબોપર કાગળ લખતા, તારપછી બીડી પીતા અને ઉંઘતા હતા, તારપછી બપોરનું ખાણું ખાતા, સાંજે બધી પાનાં રમવામાં, ગાવા વગાડવામાં અને નાચવામાં ગુજારતા અને રાતનાં દસ કલાકે સુવા જતા હતા, એવી જિંદગી અમલદારો ગુજારતા હતા. સિપાઇઓને જરા છાવણીનું કંટાળા ભરેલું કામ કરવું પડતું હતું પણ તે છતાં આળસાઈમાં વખત કાહાડવાને તેઓને પુષ્કળ ફુરસદ મળતી હતી. પણ બધામાં એક દેખાવ જરા ભૂંડો હતો અને તે એકે લશ્કરમાં કેટલોક રોગ ફેલાયો હતો તેથી તાવ, મરડો અને બીજા દરદોથી સિપાઇઓ હેરાન થતા હતા. વારંવાર ફ્રેન્ચો અંદરથી જોસ ભર્યો તોપોનો મારો ચલાવતા હતા પણ કંઈ તેથી જર્મનોને ધારવા જેટલું નુકશાન થતું ન હતું. ન્વાસેવીલનનાં ગામડાંના એક ઘરમાં જર્મન અમલદારો રહેતા હતા તે ઘેરની દિવાલ અંદરથી આવતા ગોળાથી ભાગી જેથી આખું ઘર ધ્રુજી પડવા લાગ્યું પણ સારાં ભાગ્યે કોઈને બી નુકશાન થયું નહી. એ ગામડાં ઉપર તોપોનો વધુ મારો ચાલુજ રહ્યો તેથી તે થોડા વખતમાં તદન તારાજ થઇ ગયું જે ઉપરથી ત્યાંહાંના રહેવાશી અમલદારોને જગ્યા બદલવાની ફરજ પડી. એ બંને હરીફો એકબીજાની એટલા નજદીક હતા કે એકબીજાનાં વાજાંના અવાજ તથા ગીત પરગડાં સાંભળી શકતા હતા અને સિપાઇઓને પેહેરો ભરતા તથા કવાયત લેતા પણ જોઈ શકતા હતા. બંને લશ્કરના આગળા પેહેરગીરો વચ્ચે વારેઘડીએ મિત્રાચારીનો વ્યવાહાર ચાલતો હતો. એક દહાડે એક પ્રુશિયન ઘોડેસ્વાર પેહેરગીર એક પથ્થરની નીચે એક ચિઠ્ઠી મૂકી ગયો અને તે ચિઠ્ઠી ફ્રેન્ચના એક અમલદારનાં નામની હતી જે અમલદાર તેની નજદીક એક ફ્રેન્ચ ટુકડી ઉપર સરદારી કરતો હતો. એ ચિઠ્ઠીમાં પેલા ફ્રેન્ચ અમલદાર પાસે પેલા જર્મન ઘોડેસ્વારે ચમપેન દારૂની એક બાટલી માગી હતી. તરત તેણે તે દારૂ પુરો પાડ્યો અને તેના બદલામાં થોડું નિમક તેણે મંગાવ્યું જે તરત મોકલવામાં આવ્યું. મેત્ઝમાં નિમકની ઘણી તંગી હતી અને તેથી ત્યાંહાંના રહેવાશીઓને ઘણું ખમવું પડતું હતું. એ બંને લશ્કરોનાં માણસો વચ્ચે એવી ભલમનસાઇ ભરેલી ચાલ ચાલતી નહી હતી પણ માંહોમાંહે મારામારી પણ થતી હતી. વારેઘડીએ કેટલેક ઠેકાણે ગોળીઓ ફેંકાતી હતી અને એકબીજાનાં માથાં ભાગતાં હતાં. પાસેનાં ચિત્ર ઉપરથી જણાયછે કે એક જર્મન ફ્રેન્ચ સિપાઇ પાસેથી જોરજુલમથી હથિયારના મારા સાથ તેના હાથમાંનો ગરૂડ પક્ષીના આકારનો વાવટો છિનવી લેછે. મેત્ઝ શેહેરમાં દરદનો ફેલાવો દરરોજ વધારે ચાલતો હતો કારણ કે ત્યાંહાંના રહેવાશીઓને જે પાણી શેહેર બહારની નદીથી પુરૂં પડતું હતું તે જર્મન લશ્કરે અટકાવી દીધું હતું જેથી દરદીઓ અને ઘાયલ થયેલાઓ પાણી વિના ઘણા ટળવળતા હતા. શેહેરના લોકો પણ કંટાલી ગયા હતા, તેઓ જાણે આખી દુનિયામાંથી દેશનિકાલ થયા હોય એવું તેઓને લાગતું. તે ઉપરાંત બલૂનના ધાસ્તી ભરેલા ઉપાય સિવાય કોઇ પણ બીજી રીતે પોતાના શેહેર બહારનાં સગાં વાહાલાં યા દોસ્તો સાથ વ્યવહાર ચલાવવાનું કંઇજ બનતું નહી હતું. પણ એ બલૂનો વારેઘડીએ જર્મન લશ્કરમાં જઈ પડતાં હતાં તથા સંદેસો લઇ જનારા પકડાઇ જતા હતા જેઓને ઠાર કરવામાં આવતા યા મારી કુટી દસ્તાવેજો છિનવી લઇ કાહાડી મુકવામાં આવતા તેથી મોટાં મોટાં ઇનામો આપવા છતાં બી કોઇનો પેગામ શેહેર બહાર જઇ શકેલો જણાયોજ નહી. ઘણાંક બલૂનો કંઈક લખા કાગળો સાથે ઉંચે ઉરાડી મેત્ઝ બહાર મોકલવામાં આવ્યાં હતાં પણ કમનસીબે ઘણાં દુશ્મનોના હાથમાં પકડાયાં હતાં. એક બલૂનમાં કેટલાંક હજાર કાગળો હતાં અને બે કબુતર હતાં. કબુતરના પગ સાથ એક કાગળ બાંધીને લખ્યું હતું કે જે પેરિસની અને મેત્ઝની બહારની ખબર આ કબુતરોની મારફતે મોકલશે તેને સારૂ ઇનામ આપવામાં આવશે. પણ એવું બન્યું કે થોડાક મોજીલા જર્મનોના હાથમાં પેલું બલૂન જઈ લાગ્યું. તેમાનાં કબુતર તેઓ ભુંજીને ખાઇ ગયા અને પાછો જવાબ મેત્ઝમાં મોકલ્યો કે કબુતર ઘણાંજ સ્વાદદાર ને નાજુક હતાં, બીજાં એવાં મોકલો તો સારૂં. આવી મશ્કરીથી શરમાઈ ફ્રેન્ચોએ વધુ કબુતરો તથા બલૂનો બહાર મોકલવાનું બંધ કીધું. કેટલીક વેળા ફ્રેન્ચોનાં પકડાયલા કાગળો માર્શલ બાઝેનપર પાછાં મોકલવામાં આવતાં તથા વારેવારે માર્શલ બાઝેન અને જર્મન સરદારો વચ્ચે અગત્યનો વ્યવહાર ચાલતો હતો તેથી ઘણાને શક જાયછે કે માર્શલ બાઝેન દુશ્મનને મળેલો હતો.

જર્મનોના ખોરાકનાં ગાડાં પકડાઈ ગયાં.

એક જંગાવર ફોજ ખોલાં મેદાનમાં પડી હોય અને તેને સદા સારા ખોરાક સાથ તનદુરોસ્ત રાખવી એ ઘણુંજ ફિકરનું કામછે, અને એવી મોટી અડચણ મેત્ઝની આગળ પડેલાં જર્મન લશ્કરને પણ પડી હતી. તારીખ ૨૦ મી સપ્ટેમ્બરે એ ઘેરો નાખી પડેલા જર્મનોને માટે આવતાં ૧૯૨ ખોરાકનાં ગાડાંની હાર લોરેનની હદ ઉપર કોનીસ્ટમેસર આગળ ફ્રેન્ચોના હાથમાં પકડાઇ ગઇ. એ ગાડાંઓ સાથે સાત જર્મનોના સાત માણસો



ફ્રેન્ચ ઝુનંદા જાુતાવી લેકે.



પ્રુશિયનોનાં ખોરાકના ગાડાં.

ચાલતા હતા જે ખચિત આરબાં ગાડાંની તકેદારીને માટે ઘણોજ નબળો પેહેરો હતો. એ હુમલામાં ગામડાના લોકો પણ સામેલ થયાં અને જર્મનોનો રસ્તો તદનજ ઘેરી નાખ્યો. ઘણાં ગાડાં સારા ખોરાકથી ભરેલાં પકડી લીધાં માત્ર ૪૮ ગાડાં સલામતી સાથ નીકળી નાહાઠાં અને બાકીનાં પકડાઇ ગયાં એનો ચિતાર પાસેનાં ચિત્ર ઉપરથી માલુમ પડશે. એવા એવા બનાવોથી જર્મનોને ભારી નુકશાનતો થતુંજ નહી હતું પણ એથી જરા ફ્રેન્ચોને હિમ્મત આવતી હતી કે મરતાં મરતાં પણ કોઈ કોઇ વેળા આપણ ફાવિયે છિયે. જર્મનોને ખોરાકની ઘણી તંગી સોસવી નહી પડી પણ ખમનારો જે ભાગ હતો તે મેત્ઝના લોકો અને ત્યાંહાંનું લશ્કર હતું. ઘોડાનું માંસ બેશુમાર જથ્થામાં ખપતું હતું અને ઘોડાં તથા ખચ્ચરોને ખોરાકને માટે જબે કરવામાં આવતાં હતાં. દુધ, માખણ, પનીર, ખાંડ, નિમક એ સર્વે જરા વારમાં ખાલી ગયું હતું. એકેકો પટેટો એકેકી પેનીએ વેચાતો હતો અને પાણી ઘણુંજ થોડું અને ખરાબ હતું. એટલો ખોરાક ઓછો થઇ ગયો હતો કે ફ્રેન્ચોના હાથમાં જે દુશ્મન બંધવાઓ હતા તેઓને પાછા મોકલી દેવાની ફરજ પડી હતી. વળી એક વેળા તો ફ્રેન્ચોનાં આસરે છસો માણસોની હથિયારબંધ ટુકડી સહીસલામત મેત્ઝની બાહાર નીકળી ગઇ હતી. એ ઉપરથી પેરિસમાં હોહા થઇ રહી કે એતો આવી રીતે બાઝેન શેહેરમાંથી નીકળી ગયો પણ પછવાડેથી તે ખબર ખોટી માલુમ પડી.

સીદનની હારની પેરિસમાં ખબર.

તારીખ ૭ મી સપ્ટેંબરે એક છુપા કાગળની મારફતે ત્યાંહાં રહેલા મી૦ રાબિન્સન નામના ઇંગ્રેજી ખબર પત્રીને ખબર મળી કે મેકમેહોનની હાર થઇ આખું લશ્કર શરણ થયું અને શાહ નેપોલિયન પોતે પકડાઇ ગયો. મી૦ રાબિન્સને તુરત એ વાત જાહેર કીધી પણ તેનું કોઇએ માન્યું નહી અને સામા તેની તરફ સર્વે ખરાબ મત બાંધવા લાગ્યા કે એવી માઠી ખબર આપી લોકોને તે ગભરાવેછે. તારીખ ૧૧ મીએ એક જર્મન વર્તમાન પત્ર શેહેરમાં આવી લાગ્યું જયાંહાં વિસ્તારીને બધી ખબર આપી હતી તોપણ એ ખબર મેત્ઝમાં માની નહી અને ધાર્યું કે હરીફોની આપણને ભુલાવામાં નાખવા સારૂં આ એક ઠગાઇછે. એક તોપખાતાંના સરદારને જર્મનોએ કેદ પકડયો હતો અને તે સરદાર છુટી મેત્ઝ આવ્યો ત્યારે પોતાની સાથે એક ફ્રેન્ચ પત્ર લેતો આવ્યો અને તેમાં ટાંકેલી બધી ખબર હતી સંભળાવી તોપણ લોકોએ તે કબુલ રાખી નહી. એક વર્તમાન પત્ર તરતજ પેરિસમાં ઉભું થયું હતું અને તેના નામની મેત્ઝના લોકોને ખબર ન હતી તેથી લોકોએ ધાર્યું કે એ પણ જર્મનોની ઠગાઇછે તોપણ થોડા વખતમાં બધાંની ખાતરી થઇ. લશ્કરના લોકો તરેહવાર રીતે ઉશ્કેરાયા, બાઝેનતો આ ખબર સાંભળી ચુપજ થઇ ગયો પણ જનરલ કોફીન્યર્સે નીચલો, સાદો, ગંભીર અને લાગી આવે એવો ઢંઢેરો કાહાડયો. "મેત્ઝનાં રહેવાશીઓ—આપણને એક જર્મન પત્રની મારફતે ખબર મળીછે કે તરણ દહાડા સખ્ત લડાઇ ચાલવા પછી ફ્રેન્ચ ફોજે મોટી હાર ખાધીછે. એજ પત્ર વળી એવું જણાવેછે કે ફ્રાન્સમાં એક નવું રાજ્ય ઉભું થયું છે, એ ખબરને રદ કરવાને આપણી પાસ કંઇ સાહેદી નથી.

આવી ગંભીર બિનાની વેળા આપણા બધા વિચારો ફ્રાન્સને માટેજ હોવા જોઇએ. શું આપણ સરદારો યા શિપાઇઓએ એક મતલબ રાખી સાથે મેત્ઝના બચાવને માટે ઠરાવ કરવો જોઇએ. આવા ગંભીર વખતમાં આખા ફ્રાન્સનું નામ મેત્ઝ ઓલમાં આવી રહેલુંછે. એજ બાહાદુર શેહેરે આગલા વખતમાં ઘણે મરતબે આપણા દેશના હરીફોની સામે મુસ્તકીમ બાથ ભિડીછે. આપણા ઘાયલ થયેલા શિપાઇઓની મનામાનની મહાબજત કરી તમે જે દેશહિતકારીપણું જણાવ્યુંછે તે કદીથી તમારામાં નરમ પડવાનું નથી. તમારા સામે થવાથી તમે માન અને આબરૂને લાયક થઇ પડયા. તમારા વડવાઓનાં કામકાજોની યાદદાસ્તજ તમને આવતા ઝગડામાં ટકાવી રાખશે. જે લશ્કરે બાહાદુરીથી ઘણીક હાલની લડાઇમાં પોતાનું નામ કાહાડયુંછે તે લશ્કર તમારા શેહેરની આસપાસ પડેલુંછે અને તે કદી તમને છોડી જનાર નથી. તે લશ્કર જે દુશ્મનો આપણને ઘેરો નાખી પડયાછે તેઓને હકાવી દેવા તમોને મદદ આપશે અને તેટલા વારમાં ફ્રાન્સ પોતાનો બચાવ કરવા જોઇતી તૈયારીઓ કરી લેશે." આ ખબર આપવા સામે બાઝન થયો હતો પણ અંતે લશ્કરનાં ઉશ્કેરાવાથી જનરલ કોફીન્યર્સે પોતાનાં જોખમે એ જાહેરનામું કાહાડી લોકોને તથા લશ્કરને જાણ કીધી હતી.


મેત્ઝની બાહાર પડેલા જર્મનોનું શું બળ હતું.

જો મેત્ઝમાં માંહોમાંહે ફિસાદ બરપા થયો હતતો પછી દુશ્મનોને તરાપમાં મારવાનું કંઇ કઠણ પડતે નહી; પણ મેત્ઝના લોકો જરા વધારે સમજુ અને બાહોશ હતા. મેત્ઝના લોકો એવું ધારતા હતા કે મેત્ઝની બહાર જે દુશ્મન પડયોછે તેની ઘણી સંખ્યા ન હતા અને જયારે એવુંછે ત્યારે ફ્રેન્ચ લશ્કર એકદમ ધસારો કાં કરતું નથી એવી તેઓ ફરીઆદ ઉઠાવતા હતા. પણ તેઓને પુરતી ખબર નહી હતી કે મેત્ઝની બહાર ગામ-

ડાંઓ વટિક દુશ્મનોથી ઉભાઈ ગયાછે. ગામડાંઓની પવિત્ર જગ્યાઓ, વિદ્યા હુનરનાં મુકામો તરેહવાર રીતે વાપરતા હતા. એક ગામડાંની નિશાળને અનાજ ભરવાનું અને સાફ કરવાનું ભંડાર જર્મનોએ બનાવ્યું હતું. લોકોના એવા વિચારો સાથ મી૦ રાબિન્સન પેલો બાહોશ અંગ્રેજી ચરચા પત્રી પણ એકમતનો થતો હતો. તે જાહેર કરતો હતો કે શેહેરમાં હાલ પુરતું જોરાવર લશ્કરછે અને તે લશ્કર પોતાનો રસ્તો હિમ્મતથી શેહેર બહાર કરી જવાને શક્તિવાનછે. નજદીક ફ્રેન્ચોનાં લડવા લાયક ૧૩૮,૦૦૦ માણસો તૈયાર હતાં. નજદીક ૭ હજારનુંતો ઘોડેસ્વાર લશ્કર હતું અને તે ઉપરાંત તોપખાતાંને માટે ફાજલ ઘોડાઓની મોટી સંખ્યા હતી અને એવું માનવામાં નથી આવતું કે બાહાર પડેલા પ્રુશિયનો પાસે એટલી જોગવાઈ હોય. વરસાદથી, મરડાથી અને તાવથી હરીફોનું મોટું લશ્કર હેરાન થયુંછે અને મોટી સંખ્યા મરણ પામીછે માટે તેઓ દરએક જગ્યાએ ભારી અટકાવ કરી શકશે એવું માનવામાં આવતું નથી. જયાંહાં હજારોની સંખ્યા જોઇએ ત્યાંહાં સેંકડોપર વાત દુશ્મનની ફોજમાં આવીછે. માત્ર કેટલેક ઠેકાણે રાતનાં ખાલી બળતું જર્મનો સળગાવતા હતા તે એવી ધારણાથી કે દરએક ઠેકાણે છાવણી નાખી લશ્કર પડેલુંછે એવી ભય મેત્ઝમાં રહેલાં ફ્રેન્ચ લશ્કરમાં બેસાડવા માટે. વળી એવાજ હેવાલની બરોબરનો એક હેવાલ વાલકોર્ટ નામનાં બાઝનનાં રિસાલામાંના એક શખ્સે લંડનમાં આપ્યો હતો અને જણાવ્યું કે હું તાલમેલથી મેત્ઝમાંથી નાહાઠો અને આવતાં દુશ્મનનાં લશ્કરનો મામલો જોયાથી મને માલુમ પડયું કે જેવી તેઓની તૈયારી, તેઓનાં મોટાં બળ અને ફોજની માર્શલ બાઝને અમર કીધી હતી તેવું કંઇજ હતું નહી. એ ધણી કહેછે કે જો બાઝન ચાહતેતો પોતાના મોટાં લશ્કર સાથ ધાડું કરી શકતે પણ તે જાણીજોઇને પોતાના લાભમાં પોતાનું કામ કાહાડી લેવા થોભ્યો અને મરજી માફક ફ્રાન્સને ચલાવવાનો તેણે ફાંકો રાખી એવું કામ કીધું. આ બે જાણીતા ધણીઓ એકમળતા થઈ આવું બોલેછે ખરા પણ તેઓ પ્રુશિયનોનાં લાયક બળને જાણી લેવાને બરોબર શક્તિવાન હતા કે નહી તે કેમ કહી શકાય. એક જાણીતાં અંગ્રેજી પત્રનો ખબર પત્રી જે ઘણોખરો મેત્ઝની બહાર રહેતો હતો તે સારી રીતે જણાવેછે કે શેહેર બહાર જર્મનોનું ઘણું જોર હતું, તેઓ પાસે બે લાખ માણસ હતું. આટલું છતાં બાઝને ઘણી ગેરવાજબી ચાલ ચલાવી એતો નક્કીજછે. તે ઘણું કરવાને શક્તિવાન હતો પણ તેણે તેમ કીધું નહી તેનું કારણ સર્વ પૂછવા માગેછે, અને તેની ચાલચલણ ઉપરથી બધાને ખરાબ શક આવેછે. આટલું છતાં પણ ફ્રેન્ચો વારેઘડીએ શેહેરમાંથી ધસારા કરતા હતા.

તારીખ ૨૧ મી સપ્ટેંબરે તેઓએ મેત્ઝની ઉત્તરે લોનવિલ આગળ તથા તેજ વેળા અર્લિકોર્ણ તરફ બીજો ધસારો કીધો. ચાર કલાક સુધી ભારી તોપોનો મારો ચાલ્યો અને ઘણાક માઇલ સુધી જંગ મચી રહ્યું પણ અંતે ઘણો નાશ ખમી ફ્રેન્ચોને પાછું શેહેરમાં હઠવું પડયું. વળી તારીખ ૨૨ મીએ મોટી મારામારી ચાલી, સવારથી સાંજ સુધી હજારો માણસો ફ્રેન્ચોની બાજુ કપાઈ ગયા, માત્ર જર્મનોનો એક માણસ મરણ પામ્યો. અંતે અહિંયાં પણ જર્મનો દરએક ઠેકાણે ફાવ્યા એથી તેઓ ઘણા હુશીઆરીમાં રાત દહાડો રહેતા હતા કે રખે ફ્રેન્ચો એકાએક હુમલો કરી આવે. એક વેળા ૩૬ કલાક સુધી જર્મન શિપાઇઓ હથિયારબંધ હતા અને ઘડી ઘડીના હોકમથી તરત તૈયાર થતા હતા. તારીખ ૨૨ મીએ એક જંગલની અંદર જે ભારી ખુનામરકી ચાલી તેનો ભયંકાર દેખાવ પાસેનાં ચિત્રમાં જાહેર કીધોછે. વળી તારીખ ૨૪ મીએ બીજો મોટો ધસારો થયો. આ ધસારો વધારે મોટો અને ધાસ્તી ભરેલો જણાતો હતો તેથી જરા વારમાં તારના સંદેસાની મારફતે આખાં જર્મન લશ્કરને ખબર પોંહોંચાડવામાં આવી અને જે ઉપરથી તે થોડા વારમાં તૈયાર થઇ ઉભું. ઘણાં મથકો ઉપર તોપોનાં ગોળા દસ બાર માઇલ સુધી જઇ પડતા અને ભારી ખરાબી કરતા હતા. બાજે વખતે ફ્રેન્ચો જહનુનમાં આવી લડતા હતા, તેઓને લોભાવા ખાતર જર્મનો નાહાસી જવાનું ડોળ ઘાલતા અને જેવ તેઓની પાછળ ફ્રેન્ચો દોડતા તેવીજ સારી જગ્યા અને તક જોઇ પાછા ફરી જઈ તેઓને ઘેરી લઈ તેઓને હાર અને હીનપરતી આપતા હતા, પણ એવી રીતે ફ્રેન્ચો વારેવારે ઠગાતા નહી હતા. તારીખ ૨૫ મી સપ્ટંબર અને આતવારને દહાડે નેશનલ ગાર્ડસોને તપાસવાની મોટી રિવ્યું થઈ હતી.

તેઓની ચાર મજબૂત ટુકડીઓ હતી. બધી મળી તેઓની સંખ્યા ૭૦૦૦ માણસોની હતી, એ લોકોનાં હાથમાં ફ્રેન્ચોની ચેશપો નામની જાણીતી બંદુક ફોડવાની સારી કવાયત આવી રહી હતી. પણ એ લોકો મેત્ઝના રહેવાશીઓના માનીતા હોવા છતાં લશ્કરના ધિક્કારમાં અને શકમાં હતા કારણ કે તેઓ પ્રજાસત્તાક રાજ્યની તરફ વાળાછે એવું આખું લશ્કર માનતું હતું અને તેથી વધુ ઇતબાર રાખતા નહી હતા. તારીખ ૨૭ મીએ એક મોટો ઝગડો થયો. થારબકના રસ્તા ઉપર ફેરી સુધી ફ્રેન્ચોએ રેલ્વેની મારફતે કેટલુંક પાયદળ લશ્કર તોપો સાથે રવાનાં કીધું. ત્યાંહાં જતાં કેટલાક પ્રુશિયન પહેરેગીરોએ તેઓ ઉપર બંદુકનો મારો ચલાવ્યો, પણ ફ્રેન્ચો તરત પોતાની ગાડીમાંથી બાહાર નીકળી આવ્યા અને નજદીક ૧૫૦ પ્રુશિયનોને કેદ પક-



મેત્ઝની આગળનાં એક જંગલમાં મારામારી.



જગાઈનાં મેદાનમાં હુરાટા.

ડયા, તેઓની બંદુકો ભાંગી નાખી અને પછી પાછા તેઓને છોડી દીધા. એક ધર્મનું મઠ જે પ્રુશિયનોએ હાથ કીધું હતું ત્યાં વળી તરત બીજી મારામારી ચાલી. બધા પ્રુશિયનોને ત્યાંથી હઠાવી પેલું મઠ ફ્રેન્ચોએ પોતાના તાબામાં લીધું. બીજા ફ્રેન્ચો દુશ્મનોનાં ઘણાંક બકરાં, ઘેટાં, ગાય, બળદ, કાપી, ઘાસ અને ચણા લઇ ખુશહાલીમાં પાછા મેત્ઝ તરફ ફર્યા. વળી કોલંબી નામનાં ગામડાં આગળ એક મોટી અનાજની વખાર ભરેલી જર્મનોના હાથમાંછે એવું ફ્રેન્ચોને ખબર પડવાથી બેદરકારપણાનો લાભ લઈ ફ્રેન્ચો તુટી પડયા અને બધા અનાજ નજદીક પચાસ ગાડાંમા ભરી લઇ ચાલ્યા પણ પાછળથી જર્મનોની ટુકડી આવી લાગવાથી તેઓ મોટી મારામારી કરવા પછી નજદીક ૩૬ ગારાં પાછાં છીનવી લઈ ગયા. એવી મારામારી અને લુટાલુટ બંન્ને હરીફો વચ્ચે ચાલતી હતી; પણ લડાઇનાં મેદાનોમાં ભારી ચોરી ચાલતી હતી. ચોરો અને લુચ્ચા માણસો રાતની વેળા તરેહવાર છુપા કાળા પોશાક પેહેરી હાથમાં નાગાં હથિયારો લઇ ઉજાસને માટે સાથે ફાનસો રાખી જેમ દાવ ફાવતો હતો તેમ લશ્કર ઉપર ઘાયલ થયલા શિપાઇઓ ઉપર હાથ મારતા હતા. એવું દેખાડવા સારૂ પાસેના ચિત્રનો દેખાવ આબેહૂબ બસ થશે. હવે જર્મનો ઉપર એવી રીતે ફ્રેન્ચો અણજાણપણામાં ધાડ લાવતા હતા અને મારફાડ કરી જરા વારમાં ચાલી જતા હતા તેથી ચીડમાં આવી પ્રુશિયનો ફ્રેન્ચ ગામડાંઓ અને ઘેરો ધાહોમ બાળી નાખતા હતા અને જયાંહાંસુધી મેત્ઝ શરણ થયું ત્યાંહાંસુધી ગામડાં સળગાવી દેવા વિનાનો એક પણ દહાડો ખાલી ગયો નહી હતો. કેટલાક કહેછે કે ફ્રેન્ચો ઘણા બેદરકાર રહેવાથી પોતાના ગામડાંઓ બળી જવા દેતા હતા; પણ જર્મનો એવું જણાવતા હતા કે જો કંઈબી દાદ યા ફરીઆદ વિના અમે ગામડાં બાળી નાખશું તોજ ફ્રેન્ચોની એવી તુફાની અને લુચ્ચાઈ ભરેલી ધાડ નરમ પડશે. ફ્રેન્ચોને કોઈ વેળા ફાયદો એ થતો હતો કે એવી ધાડ પાડતાં કેટલીક જગ્યાઓ ઉપરથી પ્રુશિયનોને નસાડી તે જગ્યા પોતાનાં સ્વાધીનમાં લઇ લેતા હતા અને તેમ થવાથી તેઓને વધુ ખોરાક મળતો હતો. બાજે વખતે પટેટાનાં ખેતરો હાથ આવી જતાં હતાં જેથી તેઓનો મોટો ગુજારો ચાલતો હતો. એવાજ એક ધસારામાં ફ્રેન્ચોના હાથમાં એક ખેડાયલું ભાજી પાળાથી ભરપુર ખેતર હાથ લાગી ગયું જે ઉપર તેઓ તથા તેઓના ઘોડાઓનું નજદીક ત્રણ અઠવાડીઆં સુધી ગુજરાન થયું. પ્રુશિયનોની ઘડી ઘડીની ફરીઆદ એ હતી કે ફ્રેન્ચો તેઓનાં પહેરેગીરો ઉપર પોતાની બંદુકો છોડેછે. એક વેળા બંન્ને લશ્કર વચ્ચે સમજુતી થઈ કે એવા ચોકીઆનો ઉપર તોપો યા બંદુકો છોડવી નહી પણ તે પ્રમાણે ફ્રેન્ચો ચાલી શકયા નહી, તેઓએ પોતાની કબુલાત તોડી. એનું કારણ ફ્રેન્ચો એમ આપતા હતા કે ફ્રાંકટ્યર્સ નામનાં અમારા નવી તહરાંના શિપાઈઓને વાસ્તે જર્મનોએ એવું જાહેરનામું કાહાડયુંછે કે તેઓ ચોરો અને ફાંસીઆછે માટે તેઓને જયાંહાથી જુવો ત્યાંહાંથી પકડી જેર કરવા. એથી કરી અમો ઉશ્કેરાઇ જર્મનો તરફ આવી ચાલ ચલાવિયે છિયે એવું ફ્રેન્ચો જણાવતા હતા. પણ એ ફ્રાંકટ્યર્સ શિપાઇઓની મી૦ રાબિન્સન જે બનો વખત મેત્ઝમાંજ હતો તે ઘણી તારીફ કરેછે. તે કહેછે કે તેઓ બાહાદુર, તનદરોસ્ત, સારાં કદ અને બાંધાના, સારા પેહેરવાશ અને દેખાવનાં અને વળી ચપળ મનનાં માણસોછે. તેઓ લશ્કરની બાહાર પહેરેગીરોની નોકરી બજાવવાને પોતાની રાજી ખુશી જણાવી સામેલ થયાછે અને પોતાની ફરજ ઘણીજ બાહાદુરીથી અને હિમ્મતથી બજાવેછે.

એક ઘાયલ થયલા શિપાઈનું અસરકારક બયાન.

કોઈ પાસુ કારણસર પછી સારા યા માઠા પણ ખુરી લડાઈને નામે હજારો પ્યારા માનવીઓ કપાઈ જતા હતા. હજારો જનમ સુધી અપંગ થતા હતા અને હજારોનાં મનમાં તે વેળાનો ભયંકાર ચિતાર તેઓની જિંદગી સુધી રહી જતો હતો. એક ઘાયલ થયલો શિપાઈ પોતા વિષે જરા લાગી આવે એવા બોલોમાં પોતાનો હેવાલ આપેછે. તે જણાવેછે કે એકાએક મને એક ફટકો પડયો, મારી છાતી ફાટી મારૂ આખું બદન ધ્રુજયું. હું આંચકા સમેત જમીનપર પડયો. પેહેલો જેવો મને ફટકો લાગ્યો તેવો તો ભારી ગુસ્સો મારા મગજમાં ઉછળી આવ્યો. બીજો વિચાર આવતાંજ મને લાગ્યું કે હમણા ગોળાથી મારૂં બદન ટુકડે ટુકડે થઈ જશે કારણ કે ગોળાનો એક અવાજ સંભળાયાથી મેં એવુંજ ધાર્યું કે હું હવે ચાલ્યો પણ તેજ વિચાર સાથ એક મજબૂત દુઃખ મારા શરીરમાં થયું અને હું બેશુદ્ધ જેવો પડયો ! ઓ એ પેહેલી પળો મને કેવી ભયંકાર લાગી ? મને કયાં ગોળી વાગીછે. હું કયી જગ્યાએ ઘાયલ થયોછું તેનો તો મને કંઈ વિચારજ આવ્યો નહી. મેં એટલુંજ જાણયું કે મારાથી ઉઠાતું નથી, મેં મારી નજર આગળથી તોપો પસાર થઇ જતાં જોઈ, શું જમીનપર એકલો પડયોછું એવું મને લાગ્યું અને આ વખતે વધારે ભયંકાર અને અંધકાર એટલા કારણસર હતું કે દર સેકંડ મારી આસપાસ ગોળા આવી ફાટતા હતા અને હવણાં હું ગુમ થઇશ એવું મને લાગતું હતું. ઘણીજ અડચણથી મેં મારૂં માથું મારી પાછળ ફેરવ્યું અને જોઉંછું તો માલુમ પડયું કે બે શિપાઇઓ ત્રીજો એક શિપાઈ જે જમીનદોસ્ત થયો હતો

૧૬૮

ફ્રાન્સ અને જર્મની વચ્ચે લડાઇ.

તેની આગળ ઉભા હતા. અરે શું થયું તે હું કહી શકતો નથી પણ હવામાં મારા હાથી મારામાં એટલી ધ્રુજરી અને તે સાથ બેહદ તરસનો જોસ આવતો હતો કે હું મદદને માટે દિવાનાની માફક બુમ મારવા મંડી ગયો. તરત બંન્ને મારી તરફ દોડી આવ્યા અને મેં ખુશી સાથે તેઓને ઓળખ્યા કે તેમાંનો એક વૈદ અને એક માવજત કરનારો હતો. પેહેલો સવાલ એ નીકળ્યો કે તુને ક્યાં ઘા લાગોછે, મારાથી જોવાઇ શકાયું નહી પણ મેં તે તરફ દેખાડયું. મારો પોશાક તરત ખુલ્લો કીધો અને મારી છાતીની વચ્ચે એક લોહી લુહાણ ઘા માલુમ પડયો જે પેલા વૈદે તરત બાંધી લીધો. હજી ગોળીઓ અમારી આસપાસ ઘુંમ્યા કરતી હતી. એકતો ડાકટરની ટોપીને આવી લાગી અને તરત મને વળી ડાબી બાજુએ બીજો ફટકો લાગ્યો. બીજો ઘા ? એમ બોલતાંજ મને તરત ફેરવી નાખ્યો અને મારી પાંસળીમાં ગોળી પેઠેલી જણાઇ તે તરત કાપી કાહાડી. મે



આનસની અંદર જવાની હિમ્મત.

પુછયું કે "શું ઘા ભય ભરેલોછે." ડાકટરે કહ્યું કે "હું એવી વકી નથી રાખતો." મેં જણાવ્યું કે "મેહેરબાની કરી જે ખરૂં હોય તે મને કહી દો." ડાકટરે કહ્યું કે "ઘણો ભય ભરેલો નહી" અને ઘણો બોલ બાર મુકી તે બોલ્યો તેવીજ મારી આશા ગુમ થઇ ગઇ. ડાકટરનો જતી વેળા મેં ઉપકાર માન્યો અને પેલા બીજા માણસને કહ્યું કે મારી હાલતની બિના મારાં કુટુંબ ઉપર લખી મોકલવા ઘરિયરાજના સર્જંટને અર્જ કરજે. પેલા ડાકટરે સંભાળથી મને મારા ડગલાપર નાખ્યો અને વધારે ગોળીઓનાં મારાથી બચવાને સારૂ મારા મોંહોડાપર મારી ટોપ ઢાંકી. આવી રીતે ભયંકર ગોળીઓના મારા વચ્ચે અને મારા વિચારોમાં ગુંચવાયલો હું બે કલાક સુધી પડી રહ્યો. એવી ગોળીઓ અને તોપોના મારા વચ્ચે આવી ગએલા શિપાઇઓ કેવી તરેહ પોતાનો બચાવ કરેછે અને બજારમાં આવી જાયછે તેનો દેખાવ પાસેનાં ચિત્ર ઉપરથી જણાશે. ગચ્છા

બિચારાં મારાં કુટુંબ વિષે હતા. આસ્તે આસ્તે આસપાસ વરસતા ગોળાના વરસાદ ખમવાની મને ટેવ પડી. અંતે ખોદાની મહેરબાનીથી તે વાદળ પસાર થઈ ગયું અને ઘણે વારે મારી તનદુરસ્તી જાળવવા સારૂં મદદ આવી. ત્યારબાદ મને એક ભાગેલા તબેલામાં ઘાસ ઉપર બીજા દરદીઓ સાથે નાખ્યો. એ તેનો દેખાવજ ખમાય નહી એવો હતો! મારી માવજતને માટે એક બુઢી ઓરત નેમેલી હતી જે જરા પણ જર્મન ભાષા સમજતી નહી હતી. બધા સિપાઈઓમાં હુંજ માત્ર જરા જરા ફ્રેન્ચ ભાષા સમજતો હતો તેથી બધા દરદીઓને માટે મનેજ સમજાવવું પડતું હતું. મારી હાલી હાલત પ્રમાણે આ મારાપર આવી પડતી ફરજ ઘણી કંટાળા ભરેલી હતી. આવા માણસ સાથ જો આપણુ સંબંધમાં આવિયે અને તેનો અસરકારક હેવાલ સાંભળીયે ત્યારે આપણને માલુમ પડે કે લડાઈની આફત આવી તરેહની છે. કારણ લડાઈનાં ભપકા ભરેલા દેખાવો જોવામાં અને તેની ખરી રંજ ખમવામાં મોટો ફરક છે.

પ્રકરણ ૧૮ મું.

મેત્ઝના બુરા દહાડા—સ્કળ નામનાં એક છુપા જાસુસને મોતની સજા—મેત્ઝની હાલત—ન્હાની ન્હાની કસાકસી—ફ્રેન્ચ લશ્કરમાંથી નાહાસી આવેલા સિપાઈઓ.

મેત્ઝના બુરા દહાડા.

નાબુદ કરનાર રૂતુ દોડધામ કરતી મેત્ઝને માથે આવી લાગી હતી. મેત્ઝ મ્હોડું વકાશી જોયા કરતું હતું. મેત્ઝને પોતાના છુટકારાની મુદલ આશાજ નહી હતી. ખાસ્તીનું વાદળ હર ઘડી સરપર ભમતું હતું. મેત્ઝનાં રહેવાશીઓ અને સિપાઈઓનું મુખ્ય કામ એ હતું કે ખોરાક કેટલોક છે, તે ક્યાંહાં સુધી ટકી રહેશે તેનો વિચાર કરી ગણતરી કર્યા કરવી. બાઝેન પોતે શું કરતો હતો યા કરવા ધારતો હતો તે ઉપર તરેહવાર કલ્પના કરવી, પોતાના કિલ્લાને અને લશ્કરને કેમ છોડવવું તેની ફોકટ ગોઠવણો કરવી, કાગજનાં બલુનો બનાવી તેમાં હજારો કાગળો ભરી શેહેરની બહાર જવા ઉરાડવા, જાસુસો અને છુપા ભેદુઓને પકડવા, પ્રુશિયન પહેરેગીરોને બીજવવા અને વારેઘડીએ ન્હાની ન્હાની મારામારી જહનુનમાં આવી કરવી. એવી એવી જોશ ભરી મારામારી મેત્ઝની પાસેનાં જંગલમાં થતી હતી તેનો દેખાવ જોવાતો ન હતો. એ બધાં સાથ પવન, હવા અને રૂતુ અનિશ્ચિત ખેતર કરતી હતી. વાદળાં ઘડી ઘડી ઘેરાઈ આવતાં હતાં, લોકોની હિમ્મત, લોકોની હિંમત જરા જરામાં તુટી જતી હતી અને તેઓ કિલ્લામાં બંધ પડી રહેવાથી તથા એકની એક હાલતમાં પડી રહેવાથી કંટાળી ગયા હતા. એટલું થતું હતું તે સાથ પ્રુશિયનો જેઓ બહાર ઘેરો નાખી પડયા હતા તેઓ કશી વાતે ઉતાવળમાંતો હતાજ નહી. તેઓ થંડે પેટે બેઠા બેઠા જોતા હતા કે પોતાની મેળે ફ્રેન્ચો કંટાળશે અને તાબે થશે. મેત્ઝનાં લોકો પાંજરામાં ગોંધાઈ રહેવાથી બબડતા હતા પણ કશો ઉપાય દિસતો નહી હતો. તેઓને સારી ખાતરી ખુલ્લી રીતેજ પેદા થતી હતી કે કોઈ ખોદાઈ કોપથી જ્યાંહાંસુધી તેઓ ભુખે અને તરસે ટળવળી મરશે ત્યાંહાંસુધી આ બંદીખાનામાં બંધ રહેવાના. કંઈક સબબ વગર છુપા જાસુસોને શેહેરનાં લોકો જરા જરા શક ઉપરથી પકડતા હતા પણ નિર્દોષ માલુમ પડવાથી દસ બાર દહાડા બંદીખાનામાં રાખી છોડી દેતા હતા. એટલું છતાં પ્રુશિયનોના જાસુસો શેહેરમાંથી બધી ખબર લાવવા દાખલ થતા હતા ખરા. તેઓ બિહિવા વિના બેધડક કામ કરતા હતા. પ્રુશિયન લશ્કરમાં તો છુપા જાસુસોનું ઉભું કરેલું એક ખાતુંજ હતું કે જેઓનું મુખ્ય કામકાજ એજ કે દુશ્મનની જરાએ જરા ખબર લાવવી.

સ્કળ નામનાં એક છુપા જાસુસને મોતની સજા.

જર્મન તેમજ ફ્રેન્ચ તરફથી જુદા જુદા દેશના છુપા જાસુસો પૈસાની લાલચે કામ કરતા હતા અને એવા ખાતરી ભરેલા જોખમમાં પોતાનો જાન પણ ખોઈ દેતા હતા. નિકોલસ સ્કળ નામનો એક ઉંચા કુળનો હંગેરીનો રહેવાશી જેણે વીએના શેહેરમાં પોતાની ઉંચી કેળવણી લીધી હતી અને જેને દુનિયાના ઘણા ભાગોની સારી માહિતગારી હતી તે શખ્સ મેત્ઝમાં પકડાઈ ગયો. યુનાઈટેડ સ્ટેટસમાં એણે શાહજાદા મેક્સિમીલિયનનાં હાથ હેઠળ નોકરી બજાવી હતી અને જેનાથી એને ચાનનો એક ખેતાબ પણ મળ્યો હતો. ગમે એવી શુભ નેમથી એ ધણીએ પોતાનો ધંધો ચલાવવા માંડયો હોય તે, એક છુપા જાસુસ તરીકે આપણી આંખમાં ?
દેખાવ કરી શકતો નથી. આતો ખચિત ,
ખોરડુ પાસથી પોતાનું કામ બજાવી તે


હતો ત્યારે તે કોઈ પણ પ્રજાનો નિમકહલાલ નોકર તો થઈ શકેજ નહી. જ્યારે લડાઈ પેહેલી શરૂ થઇ ત્યારે સ્ટ્રાસબર્ગ આગળ જનરલ ડુ ક્રોટની હજુર તે આવ્યો અને કહેવા લાગ્યો કે હું પ્રુશિયાનો વેરી છું અને ફ્રાન્સનો દોસ્તછું. એ ઉપરથી તે છુપા જાસુસ દાખલ ફ્રાન્સની નોકરીમાં રહ્યો. થોડા વખત જર્મન લશ્કરમાં ઘુસી ત્યાંહાંની થોડીક ખબર ફ્રેન્ચોને મેળવી આપી. જર્મન પૈસામાં નજદીક ૮૦૦ ફ્રાંકની કિમત લઈ તે જાગલો પ્રુશિયાના લશ્કરમાં ગયો અને ત્યાંહાં તેઓના હાથ હેઠળ ચાકરી રહ્યો. કારણ કે જ્યારે તે મેત્ઝમાં પકડાયો ત્યારે તે ગમે ત્યાંહાં જાએ તો જવા દેવો એવી તેની પાસથી જર્મન સરદારની પરવો નીકળ્યો અને તે સાથ જે ચાન જર્મન છુપા જાસુસોને આપવામાં આવતો હતો તે ઓળખ તરીકે એ ધણી પાસથી મળી આવ્યો. એ સાથ સો સોનાંના ફ્રાન્ક તેની પાસ હતા તે જણાયા અને એ ધણી મેત્ઝની આસપાસ ફ્રેન્ચો એ જે બાંધકામ ઉભું કીધું હતું તેની તપાસ લેતો જણાયો. એનો તરત ઇનસાફ થયો અને મોતની સજા થઇ જે તેણે ઘણાજ ગંભીર દેખાવથી ખમી અને મરતી વેળા એટલું જણાવી ગયો કે મારાં છોકરાંઓ ઉપર બે ધર્મ પુસ્તકો મોકળજો અને મને જરા આબરૂથી સારી રીતે દાટજો જે તેના મરણ પછી કરવામાં આવ્યું. એજ પ્રમાણે એક પ્રુશિયન જાસુસ મેત્ઝની છાવણીમાં ફ્રેન્ચ લોકોમાં તેઓનાજ પોશાકમાં ફરતો હતો અને ફરતાં ફરતાં ફ્રેન્ચ ખોરાકની ગોઠવણને માટે રાખેલા એક ઓહદારને એવો સવાલ કીધો કે તમારા લોકોને માટે રોટલી ક્યાંહાં તઈઆર થાયછે. અજાયબ પોતે ફ્રેન્ચ તે સાથ ખોરાક પુરો પાડનારનાં પોશાકમાં હોવાથી પેલાએ એવું ધાર્યું કે આ ધણી એવું અજ્ઞાનપણું કેમ બતાવેછે. તરત તેને શક ગયો જે પેલા બાહોશ પ્રુશિયને પારખી લીધો અને નજર ચોરાવી તે અમલદાર આગળથી ગુમ થઇ ગયો. પેલા અમલદારે તરત હોકમ કરી આખી ફ્રેન્ચ છાવણીને જણાવ્યું કે એક જર્મન જાસુસ ફ્રેન્ચ અમલદાર અને તે પણ મોટી પાનાને લગતા અમલદારના જેવો પોશાક પહેરી ફરતો ફરેછે તે જવા નહી દેવો પણ જ્યાંહાં દેખાય ત્યાંહાંથી પકડવો. આ ખબરથી સર્વ ચોકસી રાખવા લાગ્યા પણ પેલો પ્રુશિયન જાસુસ એવો ચપળ હતો કે બધાનીજ નજર ચોરાવી ગુમ થઈ ગયો.

મેત્ઝની હાલત.

એક શખ્સ જે મેત્ઝમાંથી નાઠો હતો તે ત્યાંહાંનો ... હેવાલ આપતાં એવું જણાવેછે કે મેત્ઝના ... ક ઘણુંજ સારૂંછે. રોટલી અને વાઈનની ... ત આમની પડતી નથી. પણ ફ્રાન્કે હો-ટેલમાં ખાવાનું મળી શકેછે અને પાંચ ફ્રાન્કે તો પેટ ભરતું ખવાયછે. બીફની તંગીછે ખરી; પણ ઘોડાનું માંસતો ઘણું સસ્તુંછે અને તે પુષ્કળ મળી આવેછે અને બધાં સવાદથી ખાયછે. મટન અને પોર્ક કંઇબી ઓછું નથી. કાફી, ચોકોલેટ, ખાંડ અને મેવો બેસુમાર છે. મોસેલ નામની જે નદીછે ત્યાંહાં એટલી માછલા મળેછે કે લોકોના તે મોટા અને સારો ખોરાક થઈ પડેછે. માત્ર નિમકની ખુટ જણાયછે પણ સારાં ભાગ્યે એ કિલ્લા વાળા શેહેરમાં ખારાં પાણીનો એક ઝરોછે જે ગરજ વેળા ઘણો કામ આવશે. લોકો અધીરા અને ગરજવંત જણાતા નહી. એવા દેખાવ ઉપરથી જણાયછે કે લોકો હજુર થોડા મહિના કિલ્લો બચાવી રાખશે. એ ઉપરાંત બાઝેનનું લશ્કર એક લાખ માણસનુંછે, તેઓ કેરાવ વાળા, ચબરાક અને દેશહિતકારીછે. પ્રજાસત્તાક રાજ્યની ખબર તેઓએ સારા સ્વભાવથી લીધેલી જણાયછે. બધા મળી બાઝેને ૩૦,૦૦૦ માણસો ખોયાંછે. માત્ર ઘોડાના ખોરાકનીજ ખુટ મેત્ઝમાંછે અને તેથીજ કરી ફ્રેન્ચો ઘડી ઘડી શેહેરની બહાર નીકળી લુટફાટ કરી ચારાતી પકડેછે. એવું કરતાં ન્હાની ન્હાની મારામારીઓ થાયછે એ કારણસર તથા જ્યારેબી તક મળેછે ત્યારે બંને બાજુવાળા એકબીજા ઉપર તુટી પડી કાપાકાપી કરવા જરાબી ચુકતા નથી. પાસેનાં ચિત્ર ઉપરથી જણાશે કે મેત્ઝની આગળ પ્રુશિયન હુઝર્સ નામનાં ઘોડેસ્વારો ફ્રેન્ચો ઉપર હુમલો લઇ ગયાછે અને તેમાં ઘણા માણસોની ખરાબી થઈ ખુવાર હાલતમાં કેટલાક પડયાછે.

ન્હાની ન્હાની કસાકસી.

કિલ્લાની અંદરથી હુમલો કરી ફ્રેન્ચોએ જે જે જગ્યાઓ લઈ લીધી હતી તે પાછી લઇ લેવાને જર્મનો કોઇ કોઈવાર તજવીજ કરતા હતા. તારીખ ૧ લી અકટોબરની રાત્રે તેઓએ લેસી નામની જગ્યા ઉપર એક હોમલો કીધો. જબ્બર મારામારી ચાલી પણ આખર ફ્રેન્ચોજ તે મથક પકડી રાખવાને ફતેહમંદ થયા. તેજ દહાડે એક ઝડપાઝડપી બેન દાસેમ્પ આગળ થઇ એ મથક બંને બાજુવાળાઓને લડાઈમાં અગત્યનું થઈ પડે એવું હતું. ચેરાના પેહેલા દહાડા ઉપર પ્રુશિયનોએ એ જગ્યા ઉપરનું એક જુનું ગામડું લઇ લીધું હતું જે છોડવવાને માટે ફ્રેન્ચો પોતાની તોપોનો મારો લાવ્યા હતા; પણ ફ્રેન્ચો અજબ થયા કે દુશ્મનો તરફથી પાછી તોપો ફુટતી ન હતી. દુરથી કેટલીક તોપો તથા એક પેહેરગીર દેખાતો હતો પણ તે તોપો છોડવામાં ન આવતી હતી. જરા વારમાં પેલા ગામડાંની પછવાડેથી ધુમાડો નીકળતો જણાયો અને તેમાં આગ સળગાવેલી લાગી. એ ગામડું [illegible] અને



દુશ્મનના લશ્કરનો તફાવત તોપનાં ગોળાથી તપાસેછે.



મેત્ઝની આગળ હુઝાર્સ લોકોનો હુમલો.

ક્યારૂં હતું તેથી તેનો બચાવ કરવા તેઓ દોડયા. તેઓનો ધસારો થતો જોઇ પ્રુશિયનોએ થોડીક બંદુકો તેઓ ઉપર છોડી; પણ તોપ ફુટવામાં આવીજ નહી. જરા વખતમાં ફ્રેન્ચો તે ગામડું બચાવી પોતાના હાથમાં લેવાનાં શક્તિવાન થયા અને જઇને જોયછે તો જે દુરથી તોપો દેખાતી હતી તે કાંઇજ નહી પણ તોપોના ગાડીઓ ઉપર આંબા ઝાડનાં થડ ચહડાવેલાં હતાં અને જે પેરૂગીર દેખાતો હતો તે માત્ર ઢોંગ હતાં. લાકડાં ઉપર માણસનાં જેવો પોશાક ઉભો કીધો હતો, એનો આબેહૂબ દેખાવ પાસેનાં ચિત્ર ઉપરથી માલુમ પડેછે. ત્યાં જવા પછી પોતાની સિવિલિયરનો મારો લગાવી જે પણ પ્રુશિયનો હતા તેઓને નહસાડી દેવાની ફ્રેન્ચોએ ફરજ પાડી. ફ્રેન્ચોને માટે એટલું કહેછે કે દુશ્મનનું તોપખાનું ક્યાં હતું અને કેટલું હતું તેની તેઓ પકી અને ખરી સાચી ખબર રાખતા હતા. માર્શલ બાઝેનનાં લશ્કરે જે મોટો અને છેલ્લોજ હુમલો કીધો તે આગમી આશાપરે હતો. એની મતલબ એ હતી કે જર્મનોમાંથી પોતાનો રસ્તો કરી થ્યાનવિલના કિલ્લા તરફ નીકળી જઇ તે હાથ કરવો. પણ મી૦ રાબિન્સન જેને હવે પછીના બધા તવારીખ લખનારા તેના વાસ્તવિક અને ખરા બયાનને માટે સદા આભારી રહેશે તે લખી જણાવેછે કે માત્ર ખોરાક મેળવવાને સારૂ એ બાઝેનનાં લશ્કરે ધસારો કીધો હતો. આએ ધસારામાં બાઝેન પોતે શામિલ થયો હતો અને એણે ઘણી હુશિયારીથી કામ બજાવ્યું હતું. સવારનાં ધુમસ ઘણો પડતો હતો અને કંઇ દેખાતું ન હતું તેની તક લઇ બાઝેન પોતાનાં લશ્કરની ગોઠવણ અને તૈયારી કરી મૂકી જેની ખબર પ્રુશિયનોને પડીજ નહી.

જ્યારે છેક બપોરનાં એક વાગે ધુમસ ઓછું થયું ત્યારે પ્રુશિયનોને ખબર પડી અને ત્યારેજ તેઓ દોડધામમાં પડયા. લેનડો નસેમ્પ ઉપર બાઝેને હુમલો કીધો જે જગ્યા એકસો લન્ડવર નામનાં જર્મન શિપાઇઓ ઘણીજ મજબૂતાઇથી બચાવી રાખી તેઓ ઉપર્નુ ફ્રેન્ચ પાયદળ લશ્કર આવી પડયું તે સ

તોપોનો મારો જર્મનોપર બેધડક છુટ્યો. જુદી જુદી જગ્યાઓ ઉપર હુમલા ચાલ્યા, એક ફ્રેન્ચ સરદાર પોતાના સુનંદા સ્વારો સાથ બેધડક મેત્ઝની પાસેનાં જંગલમાંથી પોતાના સિપાઈઓને ઉશ્કેરતો હુકમ કરેછે અને દુશ્મનો ઉપર ધાડ લઈ જાયછે તેનો અસરકારક દેખાવ આ પાસેનાં ચિત્ર ઉપરથી જણાશે. એક બાજુથી ફ્રેન્ચો જર્મન લેન્ડવર સિપાઈઓ ઉપર રસ્તાએજ પાડતા હતા અને તેઓ ગુડણ મંડિયે પડી પનાહ માગતા હતા તોપણ તેઓનું ફ્રેન્ચો સાંભળતા નહી હતા અને બીજી બાજુથી જહનુન અને વેરના મારેલા જર્મનો ફ્રેન્ચોનું લોહી પીવા તાકી રહ્યા હતા. તેઓએ ફ્રેન્ચ લશ્કર ઉપર એક જબરદસ્ત હુમલો કીધો અને તેઓના સપાટામાં પેલા જંગલી તર્કોસનું લશ્કર સપડાઈ ગયું; પણ એ જહનુની જંગલી એવા ખરાબ હતા કે અંતની ઘડી સુધી જાનના તરસ્યા બની લડતા હતા. તેઓની ખુનામરકીનો કમકમાટ ભરેલો ભયંકાર દેખાવ આ પાસેનાં ચિત્ર ઉપરથી જણાયછે. જે જર્મનો આજીજી કરી પનાહ માગતા હતા તેઓને પકડી ફ્રેન્ચોએ તરફ કીધા અને જેઓ સામે થઈ છેલ્લી ઘડી સુધી લડયા તેઓને તેઓની ન્હાની સંખ્યાને લીધે વગર દયાએ ઠાર કીધા. એ બંદીવાનો ધર્મ ઉપર ચુસ્ત હોવાથી એક ધર્મના ફ્રેન્ચ ઉપાધ્યાને રસ્તે મળ્યા તેને જોતાંજ તેને નમી તેના પગને ચોસા દેવા લાગ્યા અને રડી રડીને કહેવા લાગ્યા કે અમારા એક ધર્મ પાળનારા ઉપર લડાઈ કરવાને અમને અમારા બાદશાહથીજ ફરજ પડીછે નહીતો અમારા વહાલા મા બાપો ને પ્યારા ફરજંદો ને દિલોજાન સગાં વહાલાંઓને પાછળ ટળવળતાં મુકી અહિંયાં સુધી આવવામાં અમારી જરા પણ ખુશી ન હતી. અમારા પ્યારા દોસ્તોને અમારી નજર આગળ કપાઈ ગયલા જોઇ અમારી છાતી ફાટેછે. આવા ભયંકાર દેખાવને માટે અમે અમારો કમબખ્ત જનમ લીધો હશે. આ હુમલામાં બન્ની બાજુએ ફ્રેન્ચો ફાવ્યા કારણ કે તેઓએ ઘણી સાવચેતીથી આ વેળા કામ કીધું હતું અને હવાના ફેરફારનો લાભ લઈ દુશ્મનો ઉપર ઓચીંતી ધાડ લઈ ગયા હતા. કેટલીક ન્હાની ન્હાની જગ્યાઓ તેઓએ જર્મનોનાં હાથમાંથી લઈ લીધી, એટલુંજ નહી પણ કેટલીક અનાજની ભરેલી વખારો લુટી લઈ બની ખોરાક ખાલી કરી ગયા.

વળી એક બીજી તરફ ફ્રેન્ચ ચેશુર નામના સિપાહીઓ એક ઠેકાણેથી બાર જર્મન તોપોની એક હાર જોર જુલમથી છિનવી લઈ પોતાના હાથમાં લીધી એનો દેખાવ [પા]સેનાં ચિત્ર ઉપરથી જણાશે. તારીખ ૭ મી અક્ટોબરે [...]ના એક વાગાથી ત્રણ વાગા સુધી ફ્રેન્ચોએ દરએક [...]ની તોપો છોડી તથા લશ્કરના હુમલા થયા, [...]ગાથી જર્મનોએ ફ્રેન્ચોને હઠાવવા માંડયા તે એક રાતનાં અંધારૂં થતાં સુધી દરએક જગ્યા છોડી પાછા ફ્રેન્ચો નાઠા. બંને બાજુએ ઘણાક જાન ગયા અને સંખ્યાબંધ ઘાયલ થયા. બાઝેનનાં કેટલાંક માણસો તેનાથી એટલા કંટાળી ગયલાં હતાં અને નાસિપાસ થઇ ગયાં હતાં કે જર્મનોના હાથમાં પકડાઈ જવા વા લડી પોતાનો જાન ખોઈ દેવા રાજી હતા પણ પોતાના બેદિલ સરદારના હાથ હેઠળ રહેવાની તદન આશા છોડી હતી. પણ જેની બચાવ અને અટકાવ જર્મનો તરફથી થયો તે તેઓના તરત ઉભા કીધેલા પેલા લેન્ડવેર સિપાહોને લીધે હતો. એ સ્વારો ઘણા મજબૂત બાંધાના, કદાવર, સ્થિર અને હિમ્મતવાન હતા. તેઓની બહાદુરીથી ફ્રેન્ચો હરી ગયા હતા અને ઘણાંક ગામડાં ફ્રેન્ચોનાં હાથમાં જતાં અટક્યાં હતાં. એ સ્વારોને બાઝેન ઘણા કવાયત વિનાના અને કાચા ગણો અને તેઓ ઉપરજ પોતાનો મુખ્ય હુમલો કીધો. એ ઠામથી ઉભા થયલા સિપાઈઓની સામે તે પોતાના ઘણાક વર્ષોના કવાયતા સિપાઈઓને લઈ ગયો અને વિચાર્યું કે એઓને તરત મારી હઠાવીશ અને વળી એ સિપાઈઓને પ્રુશિયનો મદદ કરી શકે એવા ઠેકાણું હતાં તેનો બધાં બાઝેને બંધ કરી લેવાની નક્કી ગોઠવણ કીધી હતી. અલબત બાઝેનની આ ગોઠવણ લાભકારક હતી અને તે એમાં ફાવતે તો મેત્ઝ લાંબો વખત ટકી રહેવાને અને જર્મનો સામે હિમ્મતથી હુમલો કરવો અને બચાવ કરવાને બહાર પડતે; પણ પેલા લેન્ડવર સિપાઈઓએ બાઝેનની આશા ભાંગી નાખી. તેઓતો એવા સખ્ત અને જોરાવર નીકળ્યા કે બાઝનને તેની અગણિત ફોજ સાથ બન્ની બાજુએથી હંફાવ્યો અને તેની આશા ભાંગી તેને નિરાશ કીધો. તારીખ ૭ મીની ન્હાની આ લડાઇ જોકે જે ઘણી જોસભરી થઈ હતી તોપણ તેને લડાઈનું નામ આપી શકાય નહી, તે છતાં તેને મેઝયર્સની લડાઈ કરી કહેછે કારણ કે મેઝયર્સ બન્ની બાજુએથી વચલું મથક હતું જયાંહાં આ કચાકસી ચાલી હતી. ફ્રેન્ચોના ૧૧ અમલદારો અને ૬૦ માણસો માર્યાં ગયાં હતાં અને નજદીક ૬૦૦ માણસોમાં ઘાયલ થયાં અને બાકીનાં બંધવા હતા. માત્ર ખોરાક લેવાની મતલબથી ફ્રેન્ચો બહાર પડયા હતા તેમાં આવી લડાઇ કરી સામો નાશ કરી પાછા હઠયા. એ ન્હાની મારામારી પછી મેત્ઝની આગળ તે તાબે થયું ત્યાંહાંસુધી કોઈની અગત્યની મારામારી થઇ નહી.

ફ્રેન્ચ લશ્કરમાંથી નાહાસી આવેલા સિપાઈઓ.

જેમ જેમ અક્ટોબર મહિનો પસાર થતો ગયો તેમ તેમ મેત્ઝમાં ખોરાકની તંગી પડવા લાગી અને સિપાઈઓ પોતાની ફરજ છોડી ગુપચુપ નાહાસવા લાગ્યા.



એક તોપની હાર પકડાઈ.

ર માર્શલ બાજીના
હતો તે કહેવા લા-
ઇઓ સાથ આગ-
આવ્યોછું. અમે
ણ નાહાસે. એ
બીજા હિંમ-
ગ્યો કે મેત્ઝ-
ીથી કંટાળી
ા થઈ પડ-
બાજી પા-
ચામડીના
ને હાથ
મીની
ળદા-


એક બીજો નાઠેલો શિપાઈ જેનો દેખાવ ભુખથી ભુખ જંગલી વરૂનાં જેવો થયો હતો તેનો દેખાવ અને ભયકાર ચિતાર જોઈ બધા લોકો કમકમતા હતા અને મેત્ઝની અંદરની ખરી હાલત તેને જોઈ તેઓની નજર આગળ બરોબર ધરાતી હતી. મેત્ઝમાં ખોરાકની બુમ પડવા લાગી. તારીખ ૧૬ મી સપ્ટેંબરેજ હોકમ થયો હતો કે જેઓ પાસે ખાનગી ખોરાકનાં જથ્થા હોય તે સાધારણ ઉપયોગને માટે સરકારી વખારોમાં લાવી નાખે અને તે વેચાતા લેવાની ચોક્સ કિંમત ઠેરવી હતી તેમજ રોટલીનો નક્કી ભાવ કીધો હતો તોપણ દુકાળની વેળા મોટી કિંમત મળશે એવી આશથી ઘણા અનાજ વાળાઓએ છુપો જથ્થો એકઠો કરી રાખ્યો હતો. પેહેલાં ઘેરો શેહેરની આસપાસ ઘાલ્યો ત્યારે મોદીખાનાના અમલદારોએ માર્શલ બાઝેન હજુર ખોરાકની ...ની મળી અને અરજ કરી કે શિપાઈઓને

પણ આ પ્રમાણેની પોતાની છૂટથી કેટલાક ખોરાકની તેને લશ્કરને ખોટો લાડ લડાવી ખરાબી કીધી. જ્યારે ખોરાક ઓછો કીધો ત્યારે શિપાઇઓને જણાવ્યા વિના છુપાછુપ કીધો પણ આ બાબત તે જણાઈ આવ્યા વિના તો રહીજ નહીં. એ ઉપરાંત શિપાઇઓને મરજી માફક બીજો ખોરાક વેચાતો લઈ ખાવાની છૂટ હતી તે બંધ કરવામાં આવી ત્યારે શિપાઇઓ શેહેરમાં દાખલ થઇ શેહેરનાં લોકો પાસથી જેટલો લેવાય તેટલો લઈ ત્યાંહાંજ ખાઇ પેટ ભરી પાછા બહાર જતા. એવું સપ્ટેંબર મહિનામાં ચાલ્યું. પણ અક્ટોબરમાં તંગાસની દુઃખદાયક નિશાની દીસતી ગઇ જે જોતાંજ બધી છૂટને અટકાવવાનો મજબૂત હોકમ થયો. સારા આટાની રોટલીના પણ વાખા પડયા, સફેદ આટા સાથ થુલું મેળીને રોટલી બનાવવી પડી અને દરએક ભઠીઆરાને ચોકસ વજનમાંજ ખોરાક વેચવાનો હુકમ થયો. વળી દરએક માણસને, બુઢાને, છોકરાને તેઓની વય પ્રમાણે ખોરાક આપવાનું વજન બાંધી આપ્યું. જરા વારમાં માછલી પણ બંધ થાઇ કારણ મોસલ નદી જ્યાંહાંથી એ મળતી હતી ત્યાંહાં પ્રુશિયનોએ અટકાવ કીધો. શિકારપર જીવતા હતા તે પણ બંધ થવા લાગ્યો કારણ કે જે ફ્રેન્ચ શિકાર કરતો જર્મનોને જણાયો તેવોજ તેને ગોળીથી ઉરાડી દેતા. તેની ધાસ્તીએ કોઇ શિકાર કરવા શેહેરની બહાર જતું નહીં હતું. દરએક ઇંડાંની કિંમત એક ફ્રાંક થઇ અને ખરી ઈજા તો નિમકની અછતથી પડી, ખરો દુકાળ પડયોતોજ નહીં. ખોરાક મળી જેવો તેવો કોઇપણ જાતનો ખોરાકતો મળતોજ હતો. જે ઘણી ખરી ભૂખે મરતા તે તર્કોસ લોક હતા કારણ કે મુસલમાન હોવાથી ઘોડાનું માંસ જે ઉપર બધા શેહેરનો ગુજરો હતો તે તેઓ ખાતા ન હતા અને ભુખે મરી જતા. શિપાઇઓ કરતાં શેહેરી રહેવાશીઓની હાલત જરા સારી હતી; પણ તેઓને કામકાજની, રાહબાટની અને દુશમનો તથા દોસ્તોની કશી ખબર મળતી ન હતી તેથી તેઓ કંટાળી ગયા હતા. કારણ કે વર્તમાન પત્રો બધાં બંધ કરી નાખ્યાં હતાં. જે જે પત્રો છપાતાં તે પેહેલાં તપાસને માટે માર્શલ બાઝેનનાં હાથમાં જતાં. જો તે [illegible] હોકમ આપે તોજ છપાતાં, તેમાં બાઝેનની ખાસ [illegible] વારેઘડીએ ઘણી શક ઉપજાવનારી હતી. એક વર્તમાન પત્ર વાળાએ પ્રુશિયનોની સામે લખ્યું કે ફ્રાન્સનાં ફ્રેન્કત્યર્ઝ નામનાં શિપાઇઓએ લુઠારાઓનું નામ આપી તેઓને શિકારી જ્યાંહાં તેઓ મળે ત્યાંહાં તેઓને મારી નાખવા એવું જે પ્રુશિયનો જાહેર કરેછે એ ઘણું તેઓને [illegible] બગાડનારૂંછે અને પ્રુશિયનનાં નામને છાજતું

દહાડે લોકોન
રથી બધો શક જતા.
પતી અને પ્રુશિયનોની
કરેછે અને તેઓ તરફ
એવું થવાથી છુપી ઉ
જેવી ખોટી ખબરે
ગપલા લોકો હોંસથ
સમજતા હતા.
માર્શલ બાઝેને જે
ફ્રેન્ચનાં નામને તે ખરીજ
પોતે એક શુરામાં શુરો સર
દેશની સેવા ઘણી ઇમાનદારીથ
બજાવી એ એક હલકો દરજ્જ
હતો અને તે ચાલચલણ તરફ
કરતો કદીપણ તે એવી આશાનો
જેવો સરદાર દગાખોર થશે. પ
નાં ભયંકાર દેખાવમાં પણ હજુ
લોભ પેહેલું રાજ ચલાવેછે.
ચાલ ચલાવી હોવતો એને ઉ
હોય. માર્શલ મેકમેહોન જે
અહડતે દરજ્જેનો માન પામે
ફતેહ થાય યા આ લડાઈ
એ ખોટી ધાસ્તીથી તેના
લાવ્યું હોય અને પોતાને
ઉથાડવા, તેનું શત્ખાનાર
વળી શાહ સાથ તે મળી
એ પોહોંચેલા શાહાને
ભેગ્ય તેજ ફાવવાનો
કદાચ શાહની મતલ
પોતે ઉશ્કેરતો હોય
લેક છું અને હું
પાછો દરજ્જે પો
ભાગા પછી ફ્રા
રાખી હોય અ
હોના લશ્કરનાં
માગતો હોય
લાગી હોવતો
લાંચ લેવાન
ઓનો ખુ
તહરેવાર
જાહેર કરે
સરદાર



મેત્ઝની આગળ જંગલોમાં લડાઇની દોગદોર.



હણાન લોકોનો હુમલો.